આજનો સુવિચાર

મહેનતનું ફળ અને સમસ્યાનો હલ ભલે મોડો મળે પણ મળે છે જરૂર

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૯ જૂનાગઢ તા.૧૦-૬-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 149, Junagadh : Date : 10 Jun, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# પોરબંદરમાં એટીએસનું ઓપરેશન : આઈએસ મોડ્યુલનો પર્દાફાશ : મહિલા સહિત ચાર ઝડપાયા

પોરબંદર તા.૧૦

પોરબંદરમાંથી ખૂંખાર આતંકી સંગઠન આઈએસઆઈએસના મોડ્યુલનો પર્દાફાશ એટીએસ દ્વારા કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. એટીએએસે સુરતની એક મહિલા સહિત ચાર લોકોનીપોરબંદરમાંથી ધરપકડ કરી છે જ્યારે આ કાંડમાં સામેલ અન્ય એક શખ્સને પકડવા માટે દરોડા કાર્યવાહી શરૂ કરી છે. એટીએસના જણાવ્યા પ્રમાણે આ મામલે સુરતની સુમેરા નામની એક મહિલા સહિત ચારને પકડવામાં આવ્યા છે. આ ચારેય આઈએસઆઈએસના સક્રિય ગ્રુપના સભ્યો છે.

દરોડા દરમિયાન એટીએસને અનેક પ્રતિબંધિત સામગ્રીઓ મળી છે. આ ચારેય લોકો આઈએસઆઈએસ સાથે જોડાયા બાદ નેપાળ અથવા બાંગ્લાદેશ થઈને સીરિયા ભાગી જવાની ફિરાકમાં હતા. જો કે તે પહેલાં ગુજરાત અથવા તો ભારતમાં કોઈ સ્થળે મોટી આતંકી ઘટનાને અંજામ આપવાનો પણ તેમનો ઈરાદો હોવાની શક્યતા સેવાઈ રહી છે. આ ચારેય લોકો છેલ્લા એક વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા અને તેમને સીમા પારથી આકાઓ દ્વારા નિર્દેશ અપાઈ રહ્યા હતા.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ તાજેતરમાં જ મધ્યપ્રદેશમાં ત્રણ લોકોને પકડીને આઈએસ સાથે જોડાયેલા એક આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. તપાસ એજન્સી એનઆઈએએ મધ્યપ્રદેશ પોલીસની એટીએસ અને ગુપ્તચર વિભાગના નેતૃત્વમાં એક સંયુક્ત અભિયાન જબલપુરમાં ૧૩ સ્થળે દરોડા કાર્યવાહી કરી હતી. આ દરમિયાન ત્રણ લોકોને પકડવામાં આવ્યા હતા જેમાં સૈયદ મમૂર અલી, મોહમ્મદ આદિલ ખાન અને મોહમ્મદ શાહિદનો સમાવેશ થાય છે. એનઆઈએનાં દરોડા દરમિયાન આ લોકોના કબજામાંથી ધારદાર હથિયાર, દારૂગોળો, વાંધાજનક દસ્તાવેજો અને ડિઝિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા. એનઆઈએએ ૨૪ મેએ આઈએસ સમર્થક ગતિવિધિઓની તપાસ દરમિયાન ગુનો નોંધ્યો હતો જે પાછલા વર્ષે ઑગસ્ટમાં ધ્યાન પર આવ્યું હતું. એનઆઈએને માલૂમ પડ્યું હતું કે આ લોકો આઈએસના ઈશારે ભારતમાં આતંકી હુમલો કરવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા છે. આ મોડ્યુલ સ્થાનિક મસ્જીદો અને ઘરમાં બેસીને ચાલી રહ્યું છે અને દેશમાં આતંક ફેલાવવાનું કાવતરું રચે છે. એટીએસના અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુરતની સુમેરા નામની મહિલા સહિત ચાર લોકો આઈએસમાં જોડાવા માટે સીરિયા ભાગી જવાના પ્લાનિંગમાં હતા. આ માટે ચારેય બાંગ્લાદેશ અથવા નેપાળ થઈને સીરિયા પહોંચવાના હતા. જો કે સીરિયા રવાના થતા પહેલાં ગુજરાત અથવા તો દેશના અન્ય કોઈ શહેર-રાજ્યમાં લૉનવૂલ્ફ એટેક કરવાની તેમની યોજના હોવાની શક્યતા પણ નકારી શકાતી નથી. અત્યારે આ મામલે ચારેયની સઘન પૂછપરછ ચાલી રહી છે.

## હિંસાગ્રસ્ત સુદાનનાં અનાથાશ્રમમાં ભુખમરાથી ૭૧ બાળકોનાં કરૂણ મોત

ખાર્ટુમ તા. ૧૦

વર્તમાન દુનિયા ૨૧મી સદીમાં છે, ટ્રેડ, ટેક્નોલોજી અને અન્ય ક્ષેત્રે ખુબ પ્રગતિ થઈ રહી છે. પરંતુ આ દરમિયાન જો કોઈ ભોજન અને સારવાર વગર જીવ ગુમાવે તો તે દેશની સાથે દુનિયા માટે શરમજનક વાત છે. ઘટના હિંસાગ્રસ્ત સૂદાનના એક અનાથાલયની છે, જ્યાં ભોજન અને સારવાર વગર તડપીને ૭૧ બાળકોના દર્દનાક મોત થયા છે. ભૂખ અને બીમારીથી થયેલા આ મોતે દુનિયાને હચમચાવી દીધી છે. અહેવાલ અનુસાર સૂદાનમાં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી ૭૧ બાળકોના મોત ભૂખ અને બીમારીને કારણે થયા છે. આ ઘટના બાદ અનાથાલયમાંથી ઓછામાં ઓછા ૩૦૦ બાળકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા છે. સૂદાનમાં સેના અને અર્ધસૈનિક રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચે દેશમાં ચાલી રહેલી ભીષણ લડાઈ વચ્ચે મોતનો મામલો અલ-મૈકુલા અનાથાલયનો છે અને પાછલા મહિને તેનો ખુલાસો થયો હતો. સંયુક્ત રાષ્ટ્ર બાળ કોષ (યૂનીસેફ)ના પ્રવક્તા રિકાર્ડો પિરેસે કહ્યુ- ખાર્તુમના અલ મૈકુમા અનાથાલયમાંથી ઓછામાં ઓછા ૩૦૦ બાળકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા છે.

# ભારતમાં માનસિક દર્દીઓની સંખ્યામાં ૧૦૦ ટકાનો વધારો જંગલની આગની જેમ ફેલાઈ રહેલી માનસિક બિમારી


મુંબઈ તા. ૧૦ : મનોચિકિત્સકો સ્વીકારી રહ્યા છે કે માનસિક બીમારીઓ આગની જેમ ફેલાઈ રહી છે. આવા દર્દીઓની સંખ્યામાં ૧૦૦ટકાનો વધારો થયો છે. લોકોમાં તણાવના કારણો અલગ-અલગ હોય છે, પરંતુ ગુનાહિત વિચારસરણી સુધી પહોંચતા દર્દીઓમાં સામાન્ય પરિબળ ઊંઘનો અભાવ અને ડ્રગનું વ્યસન છે. દરેક વય અને વર્ગના લોકો તેનો ભોગ બની રહ્યા છે.

એક ૨૦ વર્ષનો યુવક વ્યવસાયે દરજી છે. તે ૪૦ દિવસથી ઊંઘી શક્યો નથી. તે આત્મહત્યા કરવાનું વિચારે છે. મુંબઈના સાયનની BMC હોસ્પીટલમાં તેની સારવાર ચાલી રહી છે. તેના એક સંબંધીએ જણાવ્યું કે, 'તે ૪૦ દિવસથી સૂતો નથી, પેમેન્ટ મળ્યું નથી, તે ખૂબ જ પરેશાન છે. મનમાં વિવિધ વિચારો આવે છે. તેને લાગે છે કે કોઈ તેને મારી નાખશે.'

સાયન હોસ્પીટલના મનોચિકિત્સક ડો. ઓમકાર નાયકે જણાવ્યું હતું કે, 'આવા તણાવમાં ઊંઘ ન આવવાને કારણે ડોપામાઈન કેમિકલનું પ્રમાણ વધી જાય છે જેના કારણે લોકો આવી પ્રવૃત્તિઓ કરે છે. તેથી અમે દવા આપીએ છીએ, જે ડોપામાઈનની માત્રા ઘટાડે છે અને દર્દીની પ્રકૃતિ સુધારે છે.'

લગભગ ૩૦૦ લોકો માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ સાથે એક દિવસમાં મુંબઈના સાયનની BMC હોસ્પિટલમાં પહોંચે છે. તેમાંથી ૩૦ ટકા લોકો ડ્રગ્સના બંધાણી હોય છે.

# પોરબંદરથી ૬૪૦ કી.મી. દુર રહેલું બિપોરજોય વાવાઝોડું જખૌ તરફ આગળ વધી રહયું છે



ગાંધીનગર તા. ૧૦

અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાત 'બિપરજોય'ને લઈ ગુજરાતના દરિયાકાંઠાના તમામ જિલ્લામાં વહીવટીતંત્ર એલર્ટ બન્યું છે. રાજ્યનાં તમામ બંદરો પર મંગળવાર અને બુધવારથી જ ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યાં છે. જિલ્લા અને તાલુકાકક્ષાના અધિકારીઓને હેડક્વાર્ટર નહી છોડવા આદેશ કરવામાં આવ્યો છે.

વાવાઝોડું દક્ષિણ પ્રશ્ચિમ પોરબંદરથી ૬૪૦ કિલોમીટર દૂર છે. હવે ધીમે ધીમે નજીક આવી રહ્યુ છે.

ભાવનગર, અમરેલી, જામનગર, માંગરોળ, પોરબંદર, ઉના, વસસાડ, નવસારી અને દ્વારકાના દરિયામાં જોરદાર કરંટ છે. ત્યારે દેશનાં પશ્ચિમી રાજ્યો માટે ચિંતાનું કારણ બનેલા બિપરજોય વાવાઝોડાએ પોતાની દિશામાં આંશિક બદલાવ કરી દેતા ફરી કચ્છ અને ગુજરાત માટે ચિંતાનું પ્રમાણ વધ્યુ છે. સૂત્રોએ જણાવ્યું કે હવે 'બિપરજોય' પાકિસ્તાનથી જખૌની દિશા તરફ ફંટાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અત્યારે વાવાઝોડું દક્ષિણ પશ્ચિમ પોરબંદરથી ૬૪૦ કિલોમીટર દૂર છે. હવે ધીમે ધીમે નજીક આવી રહ્યુ છે. વાવાઝોડાનો માર્ગ વારંવાર બદલાતાં ફરી ચિંતા વધી રહી છે. હવે જખૌ તરફ ફંટાતાં કચ્છ અને ગુજરાત માટે ચિંતાનું પ્રમાણ વધ્યું છે. આગામી તારીખ ૧૧થી ૧૪ જૂન સુધી તેજ પવન સાથે ભારે વરસાદની શક્યતા જોવા મળી રહી છે.

# મણિપુરમાં અવિરત હિંસા : પોલીસનાં યુનિફોર્મમાં આવેલા સશસ્ત્ર બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કરી ત્રણ લોથ ઢાળી દીધી

ઈમ્ફાલ તા. ૧૦

મણિપુરમાં ફરી હિંસા ભડકી છે. કાંગપોકપી જિલ્લાના કુકી ગામમાંએક વૃદ્ધ મહિલાસહિત ત્રણ લોકોના મોત થયા હતા. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે હુમલાખોરો પોલીસ અને આઈઆરબી (ઈન્ડીયા રિઝર્વ બટાલિયન)ના યુનિફોર્મમાં આવ્યા હતા. મણિપુર સરકારના સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહે તાજેતરમાં કહ્યું હતું કે ૪૮ કલાકથી હિંસા જોવા મળી નથી. મણિપુરમાં એક મહિનાથી વધુ સમયથી વંશીય સંઘર્ષો ચાલી રહયા છે.

સ્થાનિકોનો આરોપ છે કે સવારે ૪ વાગ્યાની આસપાસ સશસ્ત્ર માણસો આવ્યા અને લગભગ બે કલાક સુધી ગામમાં રહ્યા અને ગોળીબાર કર્યો હતો. પોલીસે ત્રણ લોકોના મોત અને બે ઘાયલ થયાની પુષ્ટિ કરી હતી, પરંતુ તેમણે આ ઘટના વિશે વધુ કંઈ કહ્યું ન હતું. ખોકેન કાંગપોકપી જિલ્લાની સરહદ પર આવેલું છે.

આ ગામ ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લા હેઠળ આવતા સંગેથેલથી માત્ર એક કિલોમીટર દૂર છે. ઈનડિયન એકસપ્રેસના અહેવાલ મુજબ ખોકેનના રહેવાસીઓએ ત્રણ મૃતકોની ઓળખ કરી છે.

તેમણે કહ્યું કે, શસ્ત્ર આતંકવાદીઓએ પોલીસ અને આઈઆરબીનો યુનિફોર્મ પહેર્યો હતો. તેઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. લગભગ બે કલાક સુધી ગોળીબાર ચાલુ રહ્યો હતો. અમે ગામ ખાલી કરાવ્યું અને નજીકના CRPF કેમ્પમાં ગયા અને તેમને જાણ કરી. CRPF અને ગોરખા રેજિમેન્ટ ગામમાં પ્રવેશ્યા પછી જ હુમલાખોરો બહાર આવ્યા હતા. તેઓ પાંચ જિપ્સીમાં આવ્યા હતા.' એક મહિલાને ગામના ચર્ચમાં મારી નાખવામાં આવી હતી જયાં તે પ્રાર્થના કરવા ગઈ હતી. પરિવારે કહ્યું, 'બંને માણસો સાદા ખેડૂત હતા. મહિલા વિધવા હતી.' ઈન્ડીજિનિયસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (આઈટીએલએફ) એ આરોપ લગાવ્યો હતો કે આ હુમલો ખીણમાં લશ્કરના જવાનોના વેશમાં આવેલા વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઘટનાના જવાબમાં આદિવાસી એકતા સદર હિલ્સ કમિટીએ ફરીથી નેશનલ હાઈવે બંધ કરવાનો નિર્ણય લીધો છે.

## હરીયાણાનાં ૮ વર્ષનાં બાળકનાં નામે ૮ વર્લ્ડ રેકોર્ડ

ચંદીગઢ, તા. ૧૦

માર્ટિન મલિક નામના આ બાળકની ઉંમર ૧૦ વર્ષ પણ નથી અને તેણે પોતાની ઉંમરના આંકડા જેટલા વર્લ્ડ રેકોર્ડને પોતાના નામે કરી લીધા છે. સોનીપતના સેક્ટર ૨૩માં રહેતા માર્ટિનની ઉંમર ૮ વર્ષ છે. માર્ટિને પોતાની ઉંમર જેટલા એટલે કે ૮ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યા છે. માર્ટિનના આ હુનરને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. જે મોટા વ્યક્તિ ન કરી શકે તે ૮ વર્ષના બાળકે કરી બતાવ્યુ છે. માર્ટિને વિશ્વ સ્તરે રેકોર્ડ બનાવીને સમગ્ર દેશનું નામ રોશન કર્યુ છે. માર્ટિન અત્યાર સુધી ૮ વર્લ્ડ રેકોર્ડ અને ૩ એશિયા રેકોર્ડ પોતાના નામે કરી ચૂક્યો છે.

# મહારાષ્ટ્રમાં ભાજપ - શિવસેના વચ્ચે સંઘર્ષનાં સંકેતો મુખ્યમંત્રી શિંદેનાં પુત્રએ રાજીનામાની ઓફર કરી

મુંબઈ તા. ૧૦

મહારાષ્ટ્રના રાજકારણમાં હંમેશા ઉથલપાથલ થતી રહે છે ત્યારે હવે રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને ભાજપ વચ્ચે ખટરાગ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર અને સાંસદ શ્રીકાંત શિંદેએ પદ પરથી રાજીનામું આપવાની ચીમકી આપી હતી.

શ્રીકાંત શિંદેએ પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે ડોમ્બિવલીના કેટલાક નેતાઓ તેમના સ્વાર્થી રાજકારણ માટે ભાજપ-શિંદે જૂથ માટે અવરોધો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેણે કહ્યું કે મને કોઈ પદની ઈચ્છા નથી. ભાજપ-શિવસેનાનું વરિષ્ઠ નેતૃત્વ જે પણ ઉમેદવાર નક્કી કરશે તેને હું સમર્થન આપીશ. તેમણે વધુમાં કહ્યું કે અમારો ઉદ્દેશ્ય ભાજપ-શિવસેના ફરીથી ગઠબંધન કરવાનો છે અને કેન્દ્રમાં ભાજપ સાથે મળીને સરકાર બનાવવાનો છે.

આ દિશામાં અમે જે કામ કરી રહ્યા છીએ અને જો કોઈ તેમનો વિરોધ કરે, કોઈ નારાજ હોય અને ગઠબંધનમાં ગરબડ હોય તો હું મારા પદ પરથી રાજીનામું આપવા તૈયાર છું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ડીગ્રી વિવાદમાં કેજરીવાલે ગુજરાત હાઈકોર્ટમાં રીવ્યુ પીટીશન કરી



અમદાવાદ તા. ૧૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીની માહિતી આપવાના મામલે ફરી એકવાર ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને રિવ્યુ પીટીશન કરી છે. જેમાં એવો દાવો કર્યો છે કે, ૩૧ માર્ચના રોજ હાઈકોર્ટે પીએમ મોદીની ડિગ્રીની માહિતી કેજરીવાલને આપવાના કેન્દ્રીય માહિતી આયોગના આદેશને ફગાવી દેતો જે આદેશ કર્યો હતો એના પર ફેરવિચારણા કરવામાં આવે. કેમ કે, આ ચુકાદાનો આધાર સોલિસીટર જનરલ તુષાર મહેતાનું નિવેદન હતું.

જેમાં તેમણે કહ્યું હતું કે, પીએમ મોદીની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, પરંતુ એ સત્ય નથી. કેમ કે, વેબસાઈટ ઉપર માત્ર ઓફીસ રજીસ્ટર જ ઉપલબ્ધ છે. હાઈકોર્ટના જસ્ટીસ બિરેન વૈષ્ણવે પીટીશન દાખલ કરી છે અને ગુજ. યુનિવર્સિટી સહિતના તમામ પ્રતિવાદીઓને રૂલ ઈશ્યુ કર્યો છે. કેસની સુનાવણી ૩૦ જૂને મુકરર કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલ તરફથી એડવોકેટ ઓમ કોટવાલ અને સીનીયર એડવોકેટ પરસી કાવિનાએ રિવ્યુ પીટીશનમાં એવી રજુઆત કરી છે કે, 'આ સમગ્ર મુદે હાઈકોર્ટમાં થયેલી રિટની સુનાવણીના અંતિમ દિવસે એટલે કે ૯ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ એવી મૌખિક રજુઆત કરવામાં આવી હતી કે, પીએમ મોદીની 'ડિગ્રી' ગુજ. યુનિ.ની સતાવાર વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

# દેશમાં ડાયાબીટીસ - બીપી સહિતની દવાઓ સસ્તી થઈ

નવી દિલ્હી,તા. ૧૦ : રાષ્ટ્રીય દવા કિંમતના નિયમનકાર એનપીપીએએ જણાવ્યું હતું કે, ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશરની સારવાર માટેની દવાઓ સહિત ૨૩ દવાઓની છૂટક કિંમત નક્કી કરવામાં આવી છે અને તેથી આ દવા સસ્તી થશે. ધ નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ)ની ૧૧૩મી બેઠક તાજેતરમાં યોજાઈ હતી. તેમાં લેવાયેલા નિર્ણય મુજબ આ દવાઓની કિંમત નક્કી કરવામાં આવી હતી. આ અંગે બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, એનપીપીએ ડાયાબિટીસ માટેની દવા ગ્લીકલાઝાઈડ ઈઆર અને મેટફોર્મિન હાઈડ્રોક્લોરાઈડની એક ગોળીની કિંમત રૂા. ૧૦.૦૩ નક્કી કરી છે.

એજ રીતે ટેલ્મીસાર્ટન, ક્લોરથાલીડોન અને સિલ્નીડિપાઈન ટેબલેટની કિંમત એક ગોળીની રૂ. ૧૩.૧૭ નિતિ કરવામાં આવી છે. દરદ ઓછું કરનારી દવા ટ્રિપ્સીન, બ્રોમેલેઈન, રૂટોસાઈડ ટ્રાઈહાઈડ્રેટ અને ડિક્લોફેનાક સોડિયમ ટેબલેટની એક ગોળીની છૂટક કિંમત રૂ. ૨૦.૫૧ પૈસા નક્કી કરવામાં આવી છે.

## યુકેનાં ભૂતપૂર્વ વડાપ્રધાન બોરીસ જોન્સને સાંસદ પદેથી રાજીનામું આપ્યું

લંડન તા. ૧૦ : કોરોના વાયરસ વૈશ્વિક રોગચાળા દરમિયાન લાગુ કરાયેલ લોકડાઉન નિયમોનું ઉલ્લંઘન કરતા સંખ્યાબંધ મેળાવડાઓ વિશે સંસદમાં કરવામાં આવેલા ગેરમાર્ગે દોરનારા નિવેદનોની તપાસના પરિણામો બાદ જહોન્સને પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે એક નિવેદન જારી કરીને વિરોધીઓ પર તેમની હકાલપટ્ટી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. જહોનસને ૨૦૨૨માં ઘણા કૌભાંડો વચ્ચે વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. પરંતુ સાંસદ તરીકે સેવા આપવાનું ચાલુ રાખ્યું હતું. બોરિસ જોન્સનના રાજીનામા બાદ તેમની બોઠક પર પેટાચૂંટણી યોજવી પડશે. બોરિસ જોનસન હાલમાં સંસદીય તપાસ હેઠળ છે. સંસદીય સમિતિ તપાસ કરી રહી છે કે શું તેમણે હાઉસ ઓફ કોમન્સને એવું કહીને ગેરમાર્ગે દોર્યું કે શું કોરોના સંબંધિત તમામ નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે.

# અમેરીકાએ ઉપગ્રહમાંથી ઉર્જા મેળવી વિજળી પેદા કરી

વોશીંગ્ટન તા.૧૦: વિશ્વમાં પહેલીવાર અમેરિકામાં ઉપગ્રહથી મળેલી ઉર્જામાંથી વીજળી તૈયાર કરવામાં આવી છે. ઉપગ્રહનાં માધ્યમથી વાયરલેસ ટેકનિકથી આ ઉર્જા ધરતી પર મોકલવામાં આવી હતી. જેને લેબોરેટરીમાં રહેલ કલેકટર (સંગ્રાહક) યંત્રોએ જમા કરીને માઈક્રોવેવ એરેમાં બદલી નાખી હતી.

આ ઉર્જાનો ઉપયોગ વીજળી ટ્રાન્સફરમાં કરવામાં આવે છે. ભવિષ્યમાં આ વીજળી બનાવવા માટે કોલસાનો વિકલ્પ બની શકે છે. કેલિફોર્નીયા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીનાં ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ અને મેડીકલ એન્જીનીયરીંગ વિભાગનાં પ્રોફેસર અલી હાજીમીએ જણાવ્યુ હતું કે આ કામ માટે 'માઈક્રોવેવ એરે ફોર પાવર ટ્રાન્સફર લો ઓર્બિટ એકસપરિમેન્ટ' નામનો પ્રોજેકટ ૨૦૧૧ માં શરૂ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત માઈક્રોવેવ ટ્રાન્સમીટર અને કસ્ટમ ઈલેકટ્રોનિક ચિપ લાગેલા મેપલ પ્લેટફોર્મ ઉપગ્રહ મોકલવામાં આવ્યા હતા. તે વધુ સૌર ઉર્જાથી વીજળી પેદા કરીને ધરતી પર મોકલી રહ્યા છે. જે એક દિવસમાં સમગ્ર વર્ષની વીજળી તૈયાર કરી શકે છે.

રનીંગ કંપની વેચવાની છે.
અમદાવાદ સ્થિત
પ્લાસ્ટિક ફૂટ વાલ્વ, બોલ વાલ્વ, એર વાલ્વ, પાઈપ ફીટીંગ જેવી
અનેક ખેતીવાડીમાં ઉપયોગી
અંદાજે ૨૦૦ પ્રોડક્ટ્સ બનાવતી.
98240 27433

મકાન વેચવાનું છે
જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

ફ્લેટ વેચવાનો છે
જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફ્લેટ કસમાં વ્યાજબી ભાવમાં ફ્લેટ વેચવાનો છે
:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# જૂનાગઢના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રમાં ૪૪ તાલીમાર્થીઓએ બેઝિક ચઢાણ કોર્ષની તાલીમ પૂર્ણ કરી

## મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ગુજરાતના યુવાઓએ મેળવી તાલીમ, સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર એડવાન્સ કોર્ષ માટે માઉન્ટ આબુ જશે



જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રમાં ખડક બેઝિક ચઢાણ કોર્સની મહારાષ્ટ્ર, તેલંગાણા સહિત ગુજરાતના ૪૪ જેટલા તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરી છે. જેનો પ્રમાણપત્ર વિતરણ અને સમાપન સમારોહ નાયબ પોલીસ અધિક્ષક શ્રી શિવરાજસિંહ ગોહિલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. યુવાનોને સાહસના ક્ષેત્રે અગ્રેસર કરવા અને શારીરિક અને માનસિક રીતે કોઈ પણ સંજોગોમાં અડગ રહે તેવા આશય સાથે શિબિર યોજવામાં આવી હતી. મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ગુજરાત ભરના વિવિધ ૧૪ જિલ્લાના ૪૪ જેટલા ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. સફળતા પૂર્વક શિબિર પૂર્ણ કરનાર શિબિરાર્થીઓ હવે માઉન્ટ આબુ ખાતે એડવાન્સ કૉર્સ માટે જઈ શકશે.

સમાપન કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક શિવરાજસિંહ ગોહિલે કહ્યું કે, સામાન્ય જીવન તો બધા જીવતા હોઈ છે પરંતુ ખાસ વિશિષ્ટ જીવન માટે પ્રયત્ન કરવો જોઈએ. તેના માટે ગમતી પ્રવુતિઓ કરવી જોઈએ, તેમાં પોતાની શ્રેષ્ઠ આપવું જોઈએ, જે પછી વાંચન સ્વરૂપે હોઈ કે સાહસિક કાર્ય હોય, કારકિર્દીમાં આગળ વધવા માટે ભાષાઓનું ખુબજ મહત્વ રહેલું છે. તેમ જણાવાત તેમણે પોલીસ વિભાગમાં સેવા માટે જોડાવવા માટે અનુરોધ કર્યો હતો. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ બેઝિક કોર્સના શિબિરાર્થીઓને નાયબ પોલીસ અધિક્ષક શિવરાજસિંહ એન ગોહિલના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. નાયબ પોલીસ અધિક્ષક શિવરાજસિંહ ગોહિલ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, માનદ ઈન્સ્ટ્રક્ટર અખિલ ઠાકર, કલ્પેશ બારૈયા, રામચંદ્રવડીયા, સુમિત સોમૈયા, હસમુખ વેગડ, યશ મણિયારના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતા.

આ કાર્યક્રમનું સંચાલન સેજલ શોભાવત, દિવ્યા પરમારે કર્યું હતું. મહારાષ્ટ્રના પ્રશાદ શિગવાન, મહારાષ્ટ્ર, તેલંગાણાના વેનેલા બેનોટ, ગુજરતની વિશ્વા ગોંડલિયાએ શિબિરના અનુભવો વ્યક્ત કર્યાં હતા. તેમણે ડર દૂર થવો, નિયમિતતા આવવી, સાહસિક થવું, પ્રકૃતિના સરંક્ષણની સાથે માણવી, ખડક ચઢાણના કૌશલ્યો શીખ્યા હોવાનું જણાવ્યું હતુ.ખડક ચઢાણ બેઝિક કોર્સમાં ભાગ લઈ ટ્રેકીંગ, પી.ટી.તાલીમ, રોક ક્લાઈમીંગ - રેપલીંગ, રોપ નોટ, કોઈલ તથા રોક ફોરમેશન, કલાઈમ્બીંગ કટેકનીકસ, રેપલીંગ એન્ડ બીલે, માઉન્ટેન હીસ્ટ્રી, માઉન્ટેન ઈક્યુપમેન્ટ, પર્યાવરણ સંરક્ષણ જાગૃતતા, સફાઈ અભિયાનની વિવિધ તાલીમ માનદ ઈન્સ્ટ્રક્ટરો દ્વારા આપવામાં આવી હતી.

# જૂનાગઢમાં અષાઢી બીજે જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ભવ્ય શોભા યાત્રા નીકળશે

## શોભાયાત્રા પૂર્વે વિષ્ણુયાગ યજ્ઞ, ભજન સંધ્યા, સત્યનારાયણ ભગવાનની કથા, ભગવાનનું શાહી સ્નાન સહિતના ત્રિ -દિવસીય કાર્યક્રમો યોજાશે




જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢમાં આગામી તારીખ ૨૦ જુનના અષાઢી બીજના શુભ દિવસે જય જગન્નાથ જય રણછોડ રથયાત્રા એટલે સામૂહિક એકતાનો સંદેશના ઉદ્દેશ સાથે ૧૯મી રથયાત્રા શહેરના માર્ગો ઉપર નીકળશે. રથયાત્રા પૂર્વે વિવિધ ધર્મ સભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત ગંધ્રપ વાડા લેઈન ખાતે આવેલ જગન્નાથજી મંદિરે તારીખ ૧૮ જૂનના રવિવારે રોજ સવારેને ૯ થી ૪ વિષ્ણુ યાગયજ્ઞ, અને રાત્રે ૯ કલાકે સ્વ.મુકુંદભાઈ સૂચક આયોજિત રાધા કૃષ્ણ ભક્તિ સંગીત ગ્રુપ દ્વારા ભજન સંધ્યા અને રથયાત્રાની પૂર્વ સંધ્યાએ સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ તા.૨૦જૂનને મંગળવારે મંદિર ખાતે સવારે ૭ થી ૧૧ ભગવાનનું શાહી સ્નાન ત્યારબાદ બપોરે હરિ ઓમ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટના દીપુભાઈ યાદવની ટીમ તથા જુદા જુદા ફ્લોટ, રાસ મંડળી, ધૂન મંડળ, બેન્ડ બાજા સહિત યુવક મંડળ સાથે ભગવાન જગન્નાથજી, બલરામજી, સુભદ્રાજીના ત્રણેય રથને દોરડા વડે ખેંચવામાં આવશે. શોભાયાત્રા સંપન્ન થયા બાદ ભાવિકો માટે હાટકેશ્વર મંદિર ખાતે મહાપ્રસાદ યોજવામાં આવશે. ૧૯મી જગન્નાથજી ભગવાનની શોભાયાત્રાને લઈ જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# કેશોદમાં યોગ પ્રોટોકોલ તાલીમ શિબિર અને યોગ જાગરણ રેલી યોજાઈ





જૂનાગઢ, તા.૧૦

૯મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારી માટે ગુજરાત રાજયયોગ બોર્ડ દ્વારા તેમજ જિલ્લા રમત ગમત કચેરી તેમજ જૂનાગઢ જિલ્લા પંચાયત આયુર્વેદિક વિભાગના સહયોગથી કેશોદ ખાતે યોગ પ્રોટોકોલ તાલીમ શિબિર તેમજ યોગ જાગરણ રેલીનું આયોજન થયું હતું. જેમા બહોળી સંખ્યામા લોકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ, શહેર ભાજપના હોદેદારો, જિલ્લા રમત-ગમત અધિકારીઓ, આયુર્વેદ અધિકારી, જિલ્લા યોગ બોર્ડ કો-ઓર્ડિનેટર, ઝોન કો-ઓર્ડિનેટર, ગુજરાત રાજય યોગ બોર્ડના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરણ ૧૦ અને ૧૨ ના સરકારી શાળાના પરિણામ નિરાશાજનક



જૂનાગઢ, તા.૧૦

ધોરણ ૧૦ અને ૧૨ ના પરિણામ થોડા દિવસ પહેલા આવેલ જે જાણી ખૂબ જ વ્યથા સાથે જણાવવાનુંકે સરકાર દ્વારા બજેટમાં શિક્ષણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કેમ કે સરકારનો ઉદ્દેશ એ હોય છે કે મધ્યમ તેમજ નબળા વર્ગના પરિવારના સંતાનોને ઉચ્ચકક્ષાનું શિક્ષણ મળે અને ભવિષ્યમાં સારી ડિગ્રી મેળવી સારી નોકરી કે ધંધો કરી પગભર થાય અને પરિવારને પણ મદદરૂપ થાય પરંતુ પરિણામ ઉપર નજર નાખતા જણાવશે કે સરકાર કેટલી જાહેરાતો કરે છે સુવિધાઓ આપે છે અને શિક્ષકોને તગડા પગાર પણ આપે છે છતાં તેના પરિણામ ખૂબ જ નિરાશાજનક આવે છે. ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જોતા સૌરાષ્ટ્રનું પરિણામ કેટલુ કથડીયુ છે તેનો અંદાજ આપને આવશે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાની ૨૭૮ સ્કૂલનું પરિણામ ૩૦ ટકાથી ઓછુ એથી વિશેષ ૩૫ માધ્યમિક શાળાનું ૦%પરિણામ આવેલ છે ધોરણ ૧૦ ની ગત વર્ષના અને ચાલુ વર્ષના પરિણામને સરખામણી કરીએ તો માર્ચ ૨૦૨૨ માં સૌરાષ્ટ્રની ૧૧ જિલ્લાઓ અને ૩૮ શાળાઓનું પરિણામ ૦% હતું માર્ચ ૨૦૨૩માં ૫૩% સ્કૂલોનું પરિણામ ૦% આવ્યું છે આમ એક જ વર્ષમાં સરકારી શાળાઓનું શિક્ષણસ્તર કેટલું નીચે ગયું છે કે જે ખૂબ જ ચિંતા અને ચિંતનનો વિષય છે.


મહાગુજરાત વાલી મંડળના મહામંત્રી કિશોર ચોટલીયા વિશેષમાં જણાવે છે કે સુખી સંપન્ન પરિવારના બાળકો ખાનગી શાળામાં તગડી ફી ભરી પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવી શકે છે પરંતુ મધ્યમ અને પછાત વર્ગના વાલીઓને ના છૂટકે સરકારી સ્કૂલમાં ૭૦ થી ૯૦, હજાર સુધીના પગાર મેળવતા શિક્ષકો પોતાની ફરજ નિષ્ઠાથી બજાવતા નથી અને વિદ્યાર્થીઓને પૂરતું શિક્ષણ આપતા ન હોવાથી ખાનગી સ્કૂલમાં નજીવા પગાર ધોરણથી ભણાવતા શિક્ષકો પાસે પેટે પાટા બાંધીને પોતાના બાળકોને શિક્ષણ અપાવવું પડે છે. કિશોરભાઈ ચોટલીયા દ્વારા શિક્ષણ મંત્રી, માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીને આવા નબળા પરિણામ કેમ આવે છે તેનીખાસ તપાસ કરી આવા નબળા પરિણામ વાળી શાળાની સામે યોગ્ય પગલાં લઈ મધ્યમ અને પછાત વર્ગના બાળકોને સારૂ શિક્ષણ મળે તે માટે પ્રયત્ન કરવા ખાસ મહાગુજરાત વાલી મંડળના મહામંત્રી કિશોરભાઈ ચોટલીયાઅપીલ દ્વારા કરવામાં આવેલ છે.

## જેસીઆઈ જૂનાગઢ દ્વારા રાહતદરે ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ થશે

જૂનાગઢ, તા.૧૦

જેસીઆઈ જૂનાગઢ દ્વારા રાહતદરે ફૂલસ્કેપ ચોપડા વિતરણનું આયોજન તારીખ: ૧૨/૨૦૨૩ સોમવારના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી આઝાદ ચોક, જૂનાગઢ ખાતે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જૂનાગઢ તેમજ આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ વધુમાં વધુ આ રાહતદરના ફૂલસ્કેપ ચોપડા વિતરણનો લાભ લઈ શકે તે માટે જેસીઆઈ જૂનાગઢની એક યાદીમાં જણાવ્યું છે.

# જીલ્લા વિકાસ અધિકારી રવીન્દ્ર ખતાલેની ઉપસ્થિતિમાં તાંતીવેલા ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણભ



ગીર સોમનાથ, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લા વિકાસઅધિકારી રવીન્દ્ર ખતાલે તેમજ તાલુકા પંચાયત પ્રમુખ સરમણભાઈ સોલંકી તથા તાલુકા વિકાસ અધિકારી રાજપુરાની ઉપસ્થિતિમાં વેરાવળ તાલુકાના તાતીવેલા ગ્રામ પંચાયતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના લોકાર્પણ બાદ ગ્રામ્યજનોના પ્રશ્નોનું સમયસર અને સરળતાથી નિકાલ થશે અને લોકોની સુવિધાઓમાં વધારો થશે.

નોંધનીય છે કે, તાતીવેલા ગામે આઝાદી સમય બાદ જૂના બિલ્ડિંગને દૂર કર્યા બાદ ૨ વર્ષની કામગીરી બાદ આશરે ૧૪ લાખના ખર્ચે નવા પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવેલ છે.અહીં ગ્રામ પંચાયત મહિલા સમરસ છે. આ તકે તાંતીવેલા સરપંચ શ્રી ડાઈબેન લખમણભાઈ ચોપડા, ઉપસરપંચ ભાનુબેન રવજીભાઈ ગાવડિયા સહિત તમામ સભ્યો તથા આગેવાનો અને અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ક્ષમા કરીએ અને પિતા પરમેશ્વર મેળવીએ : સંત રાજીન્દર સિંહજી મહારાજ



જિંદગીમાં આપણને ઘણીવાર પડકારો અને નિરાશાઓનો સામનો કરવો પડે છે. આપણે બધા જીવનમાં ક્યારેક ને ક્યારેક એવી ઘટનાઓમાંથી પસાર થઈએ છીએ જે આપણને પસંદ નથી હોતી અથવા જેના કારણે આપણને દુ:ખ થાય છે. આપણામાંથી પ્રત્યેક વ્યક્તિનો કિસ્સો એવી ઘટનાઓથી શરૂ થાય છે જે આપણે નહોતા ઈચ્છતા કે તે ઘટના ઘટે. જેવી રીતે કોઈ એક વ્યક્તિએ આપણું કોઈરીતે અનુચિત કર્યુંહોય.એવું પણ થઈ શકે છે કે કદાચ કોઈએ આપણને એવા ખોટા શબ્દ કહ્યા હોય કે જેનાથી આપણે ભાવનાત્મક રૂપથી દુ:ખી થયા હોય અથવા કોઈએ આપણને કંઈક શારીરિક કષ્ટ પહોચાડ્યું હોય. ઘણીવાર આપણને એવું થાય છે કે કદાચ કોઈએ આપણને દગો આપીને આપણું પદ, સત્તા અને સંપત્તિ હડપ્પી લીધી હોય.આ બધાનુંપરિણામ શું થાય છે? આપણે નિરાશ, દુ:ખી અથવા ક્રોધિત થઈ જઈએછીએ. જ્યારે કોઈના દ્વારા દુ:ખ મળવા પર આપણે ક્રોધિત થઈએ છીએ તો આપણને બે ઘણી તકલીફ સહન કરવી પડે છે.

આવો આપણે જોઈએ કે જ્યારે આપણે કોઈને ક્ષમા કરતા નથી ત્યારે આપણી સાથે શું થાય છે ? આવી સ્થિતિમાં આપણે હંમેશા તે ઘટના વિશે વિચારતા રહીએ છીએ અથવા કોઈ બીજાથી પણ તે વાતોને કહ્યા કરીએછીએ. થોડાક લોકો જેમને પોતાના પર નિયંત્રણ નથી હોતો તે શારીરિક રૂપથી આવા મનુષ્યને તકલીફ પહોંચાડે છે અથવા પોતાનો ગુસ્સો બીજા કોઈ પણ કાઢે છે. આવું થવાથી આપણે પોતાની ચારે તરફ નકારાત્મક વાતાવરણ પેદા કરી લઈએ છીએ.

આ બધી વાતોનો વિચાર કરવાની જગ્યાએ આપણે આપણું ધ્યાન તે તરફ લગાવીએ કે જે આપણને આધ્યાત્મિક રૂપથી મદદગાર હોય. જેમ કે પિતા પરમેશ્વરને યાદ કરવા, ધ્યાન અભ્યાસ કરવું, નિષ્કામ સેવા કરવી અને આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરવા.આધ્યાત્મિક માર્ગ પર ધ્યાન અભ્યાસમાં સફળતા પોતાના મનને સ્થિર કરીનેઅંતરમાંધ્યાન ટેકવવા પર નિર્ભર છે.

આ બધાથી બચવા માટે આપણે આપણા માટે એક એવો રસ્તો પસંદ કરી શકીએ છીએ જે ચિંતા અનેતણાવથી રહિત હોય. મહાપુરુષોના અનુસાર આ એક એવો રસ્તો છે જેના ઉપર ચાલીને આપણે શાંત રહી શકીએ છીએ અને તે છે આપણી અંદર એક એવો વિચાર રાખવો કે"ક્ષમા કરો અને ભૂલી જાવ". જ્યારે આપણે અંદરથી પોતાના પ્રત્યે દૂર ભાવના રાખવા વાળા લોકો કે દુ:ખ પહોંચાડવા વાળા લોકોને ક્ષમા કરીએ છીએ તો આપણે આપણી અંદર એક અસીમ શાંતિનો અનુભવ કરીશું.

આવો આપણે "ક્ષમા કરવું અને ભૂલી જવું"ની ભાવનાને પોતાના માટે સમર્પિત કરીએ. જો આપણે ક્ષમા કરવાની કળા શીખવા માટે સાહસ અને હિંમત રાખીએતો આપણે આપણું ધ્યાન તે લક્ષ્યો પર લગાવીએ. જો આપણે આપણા મનને શાંત કરીશું ત્યારે જ આપણે ધ્યાન અભ્યાસમાં પ્રગતિ કરી શકીશું જેનાથી આપણે પરત પિતા પરમેશ્વરમાં જઈને લીન થઈ શકીએ છીએ.

# વેરાવળમાં જર્જરીત ઈમારો સામે કાર્યવાહી કરવા કોર્ટમાં અરજી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૦

વેરાવળ શહેરમાં જર્જરીત ઈમારતો સામે કાર્યવાહી કરવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવેલ છે. વેરાવળ-પાટણ જોડીયા શહેરમાં જર્જરીત હાલતમાં આવેલી ઈમારતો હોય જે તુટી પડે તો નિદોર્ષ લોકોએ જીવ ગુમાવવો પડે તે પહેલા તંત્ર દ્વારા જોખમ કારક ઈમારતો સામે કાર્યવાહી કરવામાં આવે તે બાબતે દિપકભાઈ ખોરાબા તથા નરેશભાઈ ચાવડા દ્વારા સબ ડીવીઝનલ મેજી.ની કોર્ટમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૩૩ મુજબ એડવોકેટ ઉમેશ પટેલ તથા કાજલ સોલંકી મારફત અરજી દાખલ કરવામાં આવેલ છે જેમાં જણાવ્યા મુજબ પ્રકાશ કોમ્પલેક્ષ, લીલાશાહ કોમ્પ. સહીતના જર્જરીત મકાનો જાહેર રોડ-રસ્તા ઉપર આવેલ હોય ત્યારે કોઈ જાનહાની સર્જે તે પહેલા તેને ઉતારી લેવાની માંગ કરેલ છે.

# વિશ્વ મહાસાગર દિવસ નિમિત્તે દરિયાઈ જીવસૃષ્ટિ તેમજ દરિયાઈ મત્સ્યોદ્યોગ સંબંધિત સેમિનાર યોજાયો




ગીર સોમનાથ, તા.૧૦

"World Ocean Day" વિશ્વ મહાસાગર દિવસ ૮ જુન ૨૦૨૩ના રોજ Youtube Live ઉપર માર્ગદર્શન અને ઉજવણી કરવામાં આવી. કોલેજ ઓફ ફિશરીઝ, વેરાવળ, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, વેરાવળ અને રિલાયન્સ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તારીખ ૮-૬-૨૦૨૩ સોમવારના રોજબપોરે ૫ વાગ્યે યુટ્યુબ ઉપર સેમિનાર કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી નિમિત્તો દરિયાઈ જીવસૃષ્ટિ તેમજ દરિયાઈ મત્સ્યોદ્યોગ સંબંધિત વિષાયો જેમાં વિશ્વ મહાસાગર દિવસ મહત્વ, દરિયાઈ સલામતી, ટકાઉ માછીમારી માટેની વ્યવસ્થા, દરિયાઈ મતરસ્યોદ્યોગ ઉપર જુવેનાઈલ ફિશિંગથી થતી અસર અને દરિયાઈ પ્રદૂષણ વિશે અલગ અલગ વિષાયો ઉપર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. યુ ટ્યુબ લાઈવ ઉપર વિશ્વ મહાસાગર દિવસ અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિષય નિષ્ણાતો દ્વારા સફળ પ્રયાસ કરવામાં આવેલ. જેમાં ગુજરાતભરના માછીમાર મિત્રો અને સાગરખેડુ મિત્રોએ આ જીવંત પ્રસારણના માધ્યમથી નિહાળેલ. આ કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રોફેસર કોલેજ ઓફ ફિશરીઝ ડો. કેતન ટાંક દ્વારા વિશ્વ મહાસાગર દિવસ મહત્વ વિષે સુંદર ઉદ્બોધન આપેલ તથા ટકાઉ/સુવ્યવસ્થિત માછીમારી માટેની વ્યવસ્થા વિષે અને માછીમારી દરમ્યાન સમુદ્રની સારસંભાળ વિષય સાથે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક વિશાલ ગોહેલે પણ દરિયાઈ મત્સ્યોદ્યોગ પર જુવેનાઈલ ફિશિંગથી થતી અસર તથા વિશ્વ મહાસાગરદિવસમહત્વ અનેશ્રી અમિત મસાણી, થિમેટિક એક્સપર્ટ ફિશરીઝ, રિલાયન્સ ફાઉન્ડેશન આધારિત ટેકનોલોજી દ્વારામાછીમારી સેવાઓ વિષે જણાવવામાં આવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ ગજેરા રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારત અને ચીન વચ્ચે કૂટનીતિક મંત્રણા સ્વાગત યોગ્ય

ભારત અને ચીન વચ્ચે સીમા ગતિરોધ દૂર કરવા માટે કૂટનીતિક મંત્રણા સ્વાગતયોગ્ય છે, પરંતુ અફસોસની વાત છે કે તેમાં પણ માત્ર સંવાદ ચાલુ રાખવા પર સહમતિ બની છે. કૂટનીતિક મંત્રણાનું ફળ એ છે કે જલ્દી સૈન્ય કમાંડરો વચ્ચે ૧૯મા દોરની મંત્રણા થશે. ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારત-ચીન સીમા મામલે પરામર્શ અને સમન્વય માટે કાર્યતંત્ર (ડબ્લ્યુએમસીસી)ની ૨૭મી બેઠક નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવી. ભારત-ચીન વચ્ચે સીમા પર ગતિરોધ પોતાના ચોથા વર્ષમાં પહોંચવાનો છે અને બંને દેશો વચ્ચે અવિશ્વાસ નિરંતર ચાલુ છે. અવિશ્વાસને દૂર કરવા માટે ચીન કંઈ જ કરવા તૈયાર નથી. ચીન વાસ્તવમાં સીમા પર ઘૂસણખોરીથી પાછળ હટવા તૈયાર નથી. ભારતનું સ્પષ્ટ કહેવું છે કે સીમા પર ચીનની પીછેહઠ વિના કોઈ સમાધાન નહીં થઈ શકે. ચીની સત્તા પ્રતિષ્ઠાન સમજદારીને બદલે સામ્રાજ્યવાદી મનસૂબાથી ભરેલું છે. જ્યારે સીમા પર વધુ ઘૂસણખોરીનો ખુલ્લો ઈરાદો હોય તો વળી તે ભારત સાથે કોઈ સમાધાન માટે શું કામ તૈયાર થાય? અત્યાર સુધી થયેલ સૈન્ય અને કૂટનીતિક મંત્રણાઓનો સીધો અર્થ એ જ છે કે ચીન ખાનાપૂર્તિ કે માત્ર દેખાડા માટે તેમાં ભાગ લઈ રહ્યું છે. જ્યારે પણ બંને દેશો વચ્ચે મંત્રણાની વાત થાય છે તો જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલ ક્રૂર સંઘર્ષ ધ્યાનમાં આવી જાય છે. આ સંઘર્ષમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા, જ્યારે ચીને પોતાના નુકસાન વિશે ક્યારેય જણાવ્યું નહીં.

ભારતે સંવાદથી સમાધાન શોધવાની કોશિશ ચાલુ રાખવી જોઈએ. દુનિયાના જે દેશોને માનવતાની કોઈ પરવા નથી, તેમની સાથે પણ વાતચીત સિવાય બીજો શું શાલીન સમાધાન પ્રયાસ થઈ શકે? ચીનના ઈરાદા પર દુનિયાની નજર છે અને હોવી પણ જોઈએ. દક્ષિણ પશ્ચિમી શિંજિયાંગમાં હોતાન એરફીલ્ડમાં ચીને જે સૈન્ય માળખું વિસ્તાર્યું છે, તેને સેટેલાઈટ દ્વારા જોઈ શકાય છે. ચીનની આ જગ્યા લદ્દાખની રાજધાની લેહથી લગભગ ૪૦૦ કિલોમીટરના અંતરે આવેલ છે. આ હવાઈ પટ્ટીને ૨૦૦૨માં બનાવી હતી, ત્રણ વર્ષ પહેલાં અર્થાત ગલવાન સંઘર્ષ સુધી અહીં કોઈ ખાસ બદલાવ જોવામાં નથી આવ્યો. હવે નવી તસવીરોથી ખબર પડે છે કે ચીન સીમા પર સૈન્ય માળખાને સતત વિકસિત કરી રહ્યું છે. તેણે સીમા નજીક કેટલાય એરપોર્ટ વિકસિત કર્યા છે અને જ્યાં વિમાન અને આયુધ ભંડાર પણ જોવા મળ્યા છે.

એકંદરે એ સ્વીકાર કરવામાં કોઈ વાંધો નહીં કે ચીનને કારણે ભારતે પણ સીમા પર બુનિયાદી માળખું વિકસિત કરવું પડી રહ્યું છે. રક્ષા મંત્રાલયના સીમા સડક સંગઠન (બીઆરઓ)ના પ્રોજેક્ટ સ્વસ્તિક અંતર્ગત સિક્કિમમાં ૭૪ કિલોમીટર લાંબા જવાહરલાલ નેહરુ માર્ગ (જેએનએમ)ની ગુણવત્તા અને સુરક્ષામાં સુધારનું કામ કરવામાં આવ્યું છે. આ સડકનો ઉપયોગ નાથુલા પાસ અને હરભજન બાબા મંદિરની આસપાસ પર્યટન કૈલાસ માનસરોવર યાત્રા માટે અને ચીન સાથે વેપાર માટે પણ કરવામાં આવે છે. તે ઉપરાંત નાથુલા સુધી રેલવે લાઈન બિછાવવાની પણ યોજના છે. અહીં ભારતનો એક મુખ્ય મકસદ પર્યટન અને સ્થાનિક લોકોનો વિકાસ પણ છે. એમ પણ, સીમા પર ભારતે કોઈ બુનિયાદી વિકાસ માત્ર યુધ્ધ કે લશ્કરી દૃષ્ટિએ ન કરવો જોઈએ. કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સક્ષમ ભારતે પોતાની દૃષ્ટિ વ્યાપક રાખવી જોઈએ. આ તમામને સાથે લઈને સદ્‌ભાવ સાથે ચાલનારો દેશ છે અને તેણે પોતાની કોશિશો ચાલુ રાખવી જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશો...?

**:: રત્નકણીકા ::**

જો તમારામાં બીજાઓની રાજ જોવાની આદત છે તો તમે જરૂર પાછળ રહી જશો.

- ઈબ્નેનૂર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ વદ-૭ કાલાષ્ટમી, પંચક તા.૧૦ જૂન ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૦, શત્તાતારકા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૫
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
વૃષભ: ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ વધે.
મિથુન: ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્ક: જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
સિંહ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
કન્યા: મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.
તુલા: પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.
વૃશ્ચિક: કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ થતો જણાય.
ધન: વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.
મકર: અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.
કુંભ: મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.
મીન: આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

# અનંત અનાદિ વડનગર, ભારતનો સોનેરી ઈતિહાસ

અનંત અનાદિ વડનગરના તાના-રીરી ખાતે ભવ્ય સ્ક્રીનીંગ કાર્યક્રમમાં પ્રવાસનમંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે આ પાવનભૂમિના દર્શન કરવા એ મારા માટે એક તીર્થ યાત્રા છે. આ નગરનો ઈતિહાસ ૨૦૦૦ વર્ષોથી પણ પ્રાચીન છે. આ નગરનું મહત્વ તેના સ્વંય દર્શન કરવાથી મેળવી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે આ યાત્રાથી મને લાગ્યું કે આ નગરનું મહત્વ અનોખું છે.

મંત્રીએ જણાવ્યું હતું કે ભારતના મથુરા, ઉજ્જૈન, પટના વારાણસી જેવા જીવંત પ્રાચીન નગરોની શ્રેણીમાં આ નગરની ગણના થશે.

પ્રવાસન મંત્રી રેડ્ડીએ ઉમેર્યું હતું કે પ્રવાસન વિભાગે આ નગરના મહત્વપુર્ણ ઈતિહાસને ઉજાગર કરવામાં પ્રેરણાદાયી કામ કર્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે સતત બે હજાર વર્ષોની સાત પ્રાચીન સંસ્કૃતિના સંગમ સમા આ નગરની મહત્તાને પ્રસ્તુત કરતા સ્ટેટ ઓફ આર્ટ ઓર્કિયોલોજીકલ એક્સપીયન્સ મ્યુઝિયમ તેમજ ૧૬ મી સદીમાં બલીદાન આપનારી તાના-રીરીના સન્માન માટે તાના-રીરી મ્યુઝીયમનું નિર્માણ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૪ સુધી પુર્ણ થનાર આ બંન્ને પ્રોજેક્ટ માટે લગભગ રૂપિયા ૨૭૭ કરોડનો ખર્ચ થનાર છે.

પ્રવાસન મંત્રી રેડ્ડીએ ઉમેર્યું હતું કે દેશભરમાં ૧૨ હજારથી વધુ મ્યુઝિયમ કાર્યરત છે. અનેક અત્યાધુનિક સંગ્રહાલય બની રહ્યા છે. પ્રધાનમંત્રી સંગ્રહાલય તેનું ઉત્તમ ઉદાહરણ છે. મંત્રીશ્રી રેડ્ડીએ દેશ ભરમાં જુદા જુદા ૧૨ સ્થળે આકાર લઈ રહેલા થીમ બેઝ્ડ મ્યુઝીયમની વાત કરી હતી જેમાં વડનગરનો પણ સમાવેશ થાય છે.

મંત્રીએ રાજપીપળામાં આકાર લઈ રહેલા અત્યાધુનિક મ્યુઝિયમની પણ જાણકારી આપી હતી. તેમને વડનગરને એક એવી હેરીટેઝ સાઈટ છે જ્યાં પ્રાચીન નગર સંસ્કૃતિ, જળ વ્યવસ્થાપન, વેપાર વાણીજ્ય જેવા અનેક ક્ષેત્રોમાં સંશોધનોની વિશાળ તક ધરબાઈને પડી છે.

મંત્રીએ ભારતના સાંસ્કૃતિક વિરાસતના મહત્વને પ્રાધાન્ય આપીને રામાયણ, શ્રી ક્રિષ્ણ, જગન્નાથ, બૌધ્ધ સરકીટ જેવા પ્રવાસન વૈવિધ્યને પ્રસ્તતુત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવ વર્ષના શાશનકાળ દરમિયાન ભારતના સર્વાંગિ વિકાસ ગાથા વર્ણવતા કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારતને વિશ્વભરમાં આગવી પ્રતિષ્ઠા મેળવી છે. તેમને રાષ્ટ્ર સર્વોપરીની ભાવના સાથે રાષ્ટ્રના વિકાસને યોગદાન આપવ ઉપસ્થિત નાગરિકોને આહ્વાન કર્યું હતું.

પ્રવાસનમંત્રી મુળુ બેરાએ જણાવ્યું હતું કે ભારતનો ઈતિહાસ અત્યંત રોચક અને જાણવા જેવો છે. વડનગર ઈતિહાસમાં સાત નામોથી ઓળખાતું હતું, વડનગરમાં ૩૬૦ વાવો, ૩૬૦ મંદિરો વગેરે આવેલા હતા. આ નગર બૌધ્ધ ધર્મના કેન્દ્ર તરીકે પણ ઓળખાય છે. આ નગરનો પોતાનો અલગજ ઈતિહાસ છે. આ નગર અનેકવખત પડ્યું છે ફરીથી ઉભુ થયું છે જે નગરની ઓળખ છે.

પ્રવાસન મંત્રી મુળુ બેરાએ ઉમેર્યુ હતું કે અબુલ ફઝલે પણ આઈને અકબરીમા અને સ્કંદ્પુરાણમાં વડનગરનો પ્રાચીન નગર તરીકે ઉલ્લેખ કર્યો હતો, આજે વડનગર જોવાલાયક અને પર્યટન સ્થળ તરીકે વિકસ્યું છે.

અનંત અનાદિ વડનગરના સ્ક્રીનીંગ કાર્યક્રમમાં મનોજ મુંતશિર શુક્લાએ જણાવ્યું હતું કે ભારત વસુધૈવ કુટુંબકમમાં માનવાવાળો દેશ છે. આ દેશનો ઈતિહાસે ભારતને ભવ્ય બનાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે મહાભારતના કાળથી આ શહેરનું મહત્વ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે આ નગરને સાશ્વત કહ્યું છે.. આ ચમત્કાર નગરીમાં હાટકેશ્વર મહાદેવ બિરાજમાન છે જે તેનો પુરાવો છે.

મનોજ મુંતશિર શુક્લાએ ઉમેર્યુંહતું કે સાત વાર આ નગરી પડી અને ઉભી થઈ છે. આ નગરીએ દેશને યશસ્વી પ્રધાનમંત્રી આપ્યા છે.

મહેસાણા જિલ્લાની ઐતિહાસિક નગરી વડનગર ખાતે, તાના-રીરી સહિત વિવિધ સાત સ્થળોએ અનંત અનાદિ વડનગરની સ્ક્રીનીંગનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કિર્તી તોરણ, શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિર, પ્રેરણા સ્કુલ, બી.એન.હાઈસ્કુલ, અમરથોળ દરવાજા, વડબારા પરા વિસ્તરામાં યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અનંત અનાદિ વડનગરના ના કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, મહેસાણા સંસદસભ્ય શારદાબેન પટેલ, રાજ્યસભા સંસદસભ્ય જુગલજી ઠાકોર, સામાજિક અગ્રણી સોમાભાઈ મોદી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર, ધારાસભ્યો કરશનભાઈ સોલંકી, મુકેશ પટેલ, સુખાજી ઠાકોર, સરદારભાઈ ચૌધરી, કે.કે.પટેલ, ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન ભાગ્યેશ જહા, પ્રદેશ અગ્રણી રત્નાકર, જિલ્લા અગ્રણી ગીરીશ રાજગોર, જિલ્લા કલેકટર એમ. નાગરાજન, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજિંગ ડાયરેક્ટર સૌરભ પારધી, રમત ગમત વિભાગના કે.એસ.વસાવા, યુવા સેવાના ડી.એમ.પ્રજાપતિ, નિવાસી અધિક કલેકટર ઈન્દ્રજીતસિંહવાળા, વડનગરના પ્રબુધ્ધ નાગરિકો, જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ સાહિત્ય અને ઈતિહાસ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાકેશ ટિકૈત પાસે રૂ. ૮૦ કરોડથી વધુની સંપતિ



## ચાર રાજ્યોમાં સંપત્તિ, મુંબઈ સહિત ૧૩ શહેરોમાં પ્રોપર્ટી

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા અને ખેડૂત નેતા રાકેશ ટિકૈત, જેઓ ત્રણ કૃષિ કાયદાના આંદોલન વખતે જાણીતો ચહેરો બન્યા સામે, તેઓ રેસલર્સ પ્રોટેસ્ટને કારણે ફરી ચર્ચામાં આવ્યા છે. તેણે કુસ્તીબાજો અને તેમની માંગણીઓને ટેકો આપ્યો છે અને સમગ્ર પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ખાપ પંચાયતોને એકત્ર કરી છે. બે વર્ષ પહેલા પણ ત્રણ કૃષિ કાયદાઓને લઈને ખૂબ જ ઉગ્ર મંતવ્યો હતા. રાકેશ ટિકૈત પણ બે વખત ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. ગત વખતે તેઓ આરએલડીની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડ્યા હતા. ટિકિટ ખેડૂત અને ખાપ નેતા ઉપરાંત, રાકેશ એક અનુભવી બિઝનેસમેન પણ છે. તેમની સંપત્તિ ચાર રાજ્યો અને દેશના એક ડઝનથી વધુ શહેરોમાં ફેલાયેલી છે. એક અનુમાન મુજબ, ૨૦૧૪ થી રાકેશની નેટવર્થમાં ૧૦ ગણાથી વધુનો વધારો જોવા મળ્યો છે. ડીએનએ રિપોર્ટ અનુસાર, ટિકૈતની પાસે ચાર રાજ્યોમાં સંપત્તિ છે, જેમાં ઉત્તર પ્રદેશ, ઉત્તારાખંડ, મહારાષ્ટ્ર અને દિલ્હીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેની પાસે મુઝફ્ફરનગર, લલિતપુર, ઝાંસી, લખીમપુર ખેરી, બિજનૌર, બુદૌન, દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, દેહરાદૂન, રૂરકી, હરિદ્વાર અને મુંબઈ સહિત ૧૩ શહેરોમાં પ્રોપર્ટી છે. તેની પાસે અનેક પ્રકારના બિઝનેસ છે. રાકેશ ટિકૈત પેટ્રોલ પંપમાંથી ઘણી કમાણી કરે છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઈંટના ભઠ્ઠા છે. આ એક મોટો બિઝનેસ છે. આ ઉપરાંત, શોરૂમ વગેરે જેવા ઘણા વ્યવસાયના માલિક છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં તેમની પાસે ખેતીની જમીનની કોઈ અછત નથી. કેન્દ્રના કૃષિ સુધારા કાયદા સામે ખેડૂતોના વિરોધના ચહેરા તરીકે ઉભરી આવેલા અને હવે કુસ્તીબાજોની તરફેણમાં ઊભા રહેલા અને કરોડોનો બિઝનેસ સંભાળતા ખાપ નેતા તરીકે રાકેશ ટિકૈત અગાઉ દિલ્હી પોલીસમાં હતા. કોન્સ્ટેબલ રાકેશ ટિકૈત ખેડૂતોના મોટા નેતા છે. રાકેશ ટિકૈતની કુલ સંપત્તિ રૂ. ૮૦ કરોડથી વધુ છે અને આમાં સતત વધારો થઈ રહ્યો છે. રાકેશ ટિકૈતની રાજકીય કારકિર્દી પણ રહી છે. તેમણે ૨૦૦૭માં એક વિધાનસભા ચૂંટણી અને બીજી વખત ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી લડી હતી. બંનેમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

વર્ષ ૨૦૧૪ના ચૂંટણી એફિડેવિટ મુજબ રાકેશ ટિકૈતે પોતાની સંપત્તિનો ઉલ્લેખ પણ કર્યો હતો. તે સમયે રાકેશ ટિકૈતે ૪.૨૫ કરોડ રૂપિયાથી વધુની નેટવર્થ દર્શાવી હતી. આનો અર્થ સ્પષ્ટ છે કે ત્યારથી, અનુમાન મુજબ, રાકેશ ટિકૈતની નેટવર્થમાં ૧૦ ગણો વધારો થયો છે.

## રિક્ષા ચાલકે ગજબનો જુગાડ લગાવ્યો

# રીક્ષા ચાલક મુસાફરોને લકઝરી કાર જેવી મજા આપી રહ્યો છે



નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં લોકલ લેવલ પર યાત્રા કરવા માટે સૌથી વધારે લોકો ઓટો રિક્ષાનો જ ઉપયોગ કરે છે. કોઈ નાના શહેર હોય કે મોટા, ઓટો રિક્ષા આપને દરેક જગ્યાએ જોવા મળશે. દેશમાં ઘણા લોકો ઓટો રિક્ષા ચલાવીને ભરણપોષણ કરે છે. એટલા માટે કેટલાય ડ્રાઈવર પોતાની ઓટોમાં વધારાની સુવિધા સાથે સજાવતા હોય છે, તો અમુક લોકો પોતાની ઓટો રિક્ષાને અપગ્રેડ પણ કરી લેતા હોય છે. હાલના દિવસોમાં પણ આવી જ ઓટો રિક્ષાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યું છે. જેને જોઈને સૌ કોઈ હેરાન છે. હકીકતમાં આ વીડિયોમાં એક શખ્સે ઓટો રિક્ષામાં કંઈક એવો જુગાડ કર્યો છે કે, તે કોઈ લક્ઝૂરી કારથી જરાંયે ઓછું નથી લાગતું. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે, એક સાધારણ દેખાતી ઓટો રિક્ષામાં શખ્સે એવો કમાલનો જુગાડ કર્યો છે કે, તે મુસાફરોને લક્ઝૂરી કાર જેવી મજા આપી રહ્યો છે. ઓટો રિક્ષાની અંદર આપ સીટને હટાવીને કારની સીટ લગાવી છે. જેના પર બેસવાથી ખૂબ જ આરામદાયક અનુભવ મળશે. વીડિયોમાં આપ જોઈ શકશો કે, ઓટો રિક્ષાની અંદર શાનદાર લાઈટિંગ પણ લગાવી છે. જો કે સોશિયલ મીડિયા પર લોકો આ યૂનિક મોડિફિકેશનને જોઈને લોકો આ રિક્ષાચાલકના ખૂબ વખાણ કરી રહ્યા છે. લોકોને આ વીડિયો ખૂબ પસંદ આવી રહ્યો છે. ત્યારે આવા સમયે લોકો વીડિયોમાં પોત-પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ વીડિયોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર **ajithkumar1995a** નામના અકાઉન્ટથી શેર કર્યો છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. આ વીડિયોને ૧૨.૩ હજારથી વધારે વખત જોવાઈ ચુક્યું છે. સાથે જ કેટલાય લોકોએ વીડિયોને પણ લાઈક કર્યો છે.

## FIR અને ચાર્જશીટમાં નામ ન હોવા છતાં પણ

# ટ્રાયલ કોર્ટના પુરાવા - નિવેદનોના આધારે કોર્ટ આરોપી બનાવી શકે છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા. ૧૦ : સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં કહ્યું કે એફઆઈઆર અને ચાર્જશીટમાં નામ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટ નિવેદનો અને પુરાવાના આધારે આરોપી બનાવી શકે છે. CrPCની કલમ ૩૧૯ હેઠળ કોર્ટને આ સત્તા મળી છે.

જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ પંકજ મિથલની બેન્ચે આ ફેંસલો આરોપી બનાવાયેલ વ્યકિતની SLP ફગાવી દેતા આ નિર્ણય આપ્યો છે. કોર્ટે કહ્યું કે CrPCની કલમ ૩૧૯ હેઠળ અદાલતને વિવેકાધિકાર છે કે, તે ટ્રાયલ દરમિયાન સામે આવેલા નિવેદનોમાં સંડોવણી સામે આવે તો તેને સમન્સ પાઠવી શકે છે. આ કેસમાં, ધર્મેન્દ્ર મિશ્રા વિરૂદ્ધ એસસી-એસટી એક્ટ, ૧૯૮૯ની કલમ ૩ (૧) (આર, એસ) અને આઈપીસીની કલમ ૪૧૯, ૪૨૦, ૩૨૩, ૪૦૬ અને ૫૦૬ હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. પીડિતોના નિવેદનોના આધારે, કોર્ટે અવલોકન કર્યું કે આ કેસમાં અન્ય એક વ્યકતિ જે ધર્મેન્દ્રનો ભાઈ હતો તે પણ પીડિતો સાથે દુર્વ્યવહાર કરવામાં અને જાતિવાદી શબ્દો ઉચ્ચારવામાં સામેલ હતો. કોર્ટે કલમ ૩૧૯ હેઠળ ધર્મેન્દ્રના ભાઈને પણ સમન્સ પાઠવ્યા હતા અને તેમને ટ્રાયલનો સામનો કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશને SC-ST એક્ટની કલમ ૧૪A(૧) હેઠળ અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, પરંતુ અપીલ ફગાવી દેવામાં આવી હતી. જાહેરાત અને જેની સામે આરોપીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અપીલમાં, તેમણે કહ્યું કે ઘટનાના પાંચ મહિના પછી, પીડિતાઓએ એફઆઈઆર નોંધાવી હતી, તે પણ અજાણ્યા વ્યકતિઓ વિરુદ્ધ. જયારે પીડિતા આરોપી ધર્મેન્દ્ર અને તેના ભાઈને ઓળખતી હતી. જયારે આરોપીઓએ પીડિત દંપતી માટે જાતિવાદી શબ્દોનો ઉપયોગ કર્યો હતો, ત્યારે સ્થળ પર અન્ય કોઈ વ્યકતિ/સાક્ષી હાજર ન હતા, તેમને હેરાન કરવાના હેતુથી FIR દાખલ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં કોર્ટ દ્વારા કલમ ૩૧૯નો ઉપયોગ કરીને તેમને સમન્સ મોકલવું ખોટું છે. કોર્ટે તેમને સમન્સ પાઠવીને પોતાની વિવેકબુદ્ધિનો ખોટી રીતે ઉપયોગ કર્યો છે. તેથી સમન્સનો આ હુકમ રદ થવો જોઈએ.

# ઈડીની સુપ્રીમ કોર્ટમાં દલીલ, પૈસાદાર લોકો કોર્ટમાંથી વચગાળાના જામીન મેળવવા બાથરૂમમાં પડી જાય છે



નવી દિલ્હી તા. ૧૦

સુપ્રીમ કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસના આરોપી રાઘવ મગુંટાને ૧૨ જૂન સુધીમાં આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો છે. આરોપી જામીન પર મુક્ત છે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટની અરજી પર આવ્યો છે. એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ ઈડી વતી સુપ્રીમકોર્ટમાં હાજર થયા હતા. તેમણે કોર્ટને વિનંતી કરી હતી કે અરજી પર તાત્કાલિક સુનાવણી કરવામાં આવે. ઈડીએ મગુંટાના બે સપ્તાહના વચગાળાના જામીન રદ કરવાની માંગ કરી હતી. દિલ્હી હાઈકોર્ટે, આરોપીને બે અઠવાડિયાના જામીન આપ્યા હતા. ઈડી વતી હાજર રહેલા એસવી રાજુએ કહ્યું કે, અગાઉ તેમણે પત્નીની બીમારીને લઈને જામીન માંગ્યા હતા. તેનો અસ્વીકાર થયો. ટ્રાયલ કોર્ટે કહ્યું કે આરોપીઓ સામે ગંભીર નાણાકીય આરોપો લગાવવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં જામીન આપી શકાય નહીં. આ પછી અચાનક તેની દાદી બાથરૂમમાં લપસી ગઈ અને તેણે તેની સંભાળ રાખવા માટે કોર્ટમાં જામીન માંગ્યા. વાસ્તવમાં, દિલ્હી હાઈકોર્ટે બુધવારે જ તેમને બે અઠવાડિયાના વચગાળાના જામીન આપ્યા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે, તેની દાદી બાથરૂમમાં લપસીને પડી ગઈ હતી. એટલા માટે તેમની કાળજી લેવી પડશે. જસ્ટિસ અનિરુદ્ધ બોઝ અને રાજેશ બિંદલની બેન્ચે, હાઈકોર્ટના આદેશમાં ફેરફાર કર્યો અને આરોપીની જામીન બે સપ્તાહથી ઘટાડીને ૧૨ જૂન સુધી કરી દીધી. બેન્ચે તેને ૧૨ જૂન સુધીમાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. ઈડી દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસની મની લોન્ડરિંગના એંગલથી તપાસ કરી રહી છે. આમાં રાઘવ મગુંટાને આરોપી બનાવવામાં આવ્યો છે. ઈડીએ કોર્ટમાં દલીલ કરી હતી કે જામીનનું બહાનું એ બીમાર દાદીની સંભાળ લેવાનો નવો ખેલ છે. શ્રીમંત લોકો, કૌભાંડીઓ અને અપરાધી આરોપીઓ જેલમાંથી બહાર નીકળવા માટે આવા બહાનાનો ઉપયોગ કરી રહ્યા છે. ઈડી તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ, કોર્ટમાં કહ્યું કે અમીર લોકો કામચલાઉ જામીન માટે બાથરૂમમાં પડી જાય છે. બીજા દિવસે, AAP નેતા સત્યેન્દ્ર જૈન બાથરૂમમાં પડી ગયા. અહીં પણ આરોપીએ જામીન માંગ્યા છે. જામીન માટેનું કારણ એ છે કે તેની દાદીને લાગે છે કે તે (આરોપી) તેની સંભાળમાં હોય તે જરૂરી છે. રાજુએ દલીલ કરી હતી કે તે કૌભાડી છે. તેઓ હોસ્પિટલોનું સંચાલન કરી શકે છે. આરોપી પુરાવા સાથે ચેડા પણ કરી શકે છે.

# સ્વીસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની IQAirએ વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો

## વિશ્વના ટોચના ૨૦ પ્રદૂષિત શહેરમાં ભારતના ૧૫ શહેરનો સમાવેશ

નવી દિલ્હી,તા.૧૦

દેશના વાતાવરણમાં શ્વાસ લેવો મુશ્કેલ છે. ગયા વર્ષે ઘણા શહેરોની હવા અત્યંત ઝેરી રહી છે. આ વાતનો અંદાજ એ વાત ઉપરથી લગાવી શકાય છે કે વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૫ શહેરો ભારતના છે. જો કે, ગયા વર્ષ એટલે કે ૨૦૨૨ ની સરખામણીમાં, નબળી હવાની ગુણવત્તાવાળા દેશોની યાદીમાં ભારત ત્રણ સ્થાન સુધર્યું છે. તે જ સમયે, ચાડ, ઈરાક, પાકિસ્તાન, બહેરીનઅને બાંગ્લાદેશ વિશ્વના સૌથી પ્રદૂષિત દેશો છે. આ સાથે જ ભારત આઠમા સ્થાને પહોંચી ગયું છે. સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની IQAir એ વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે વિશ્વના ટોચના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૩૮ ભારતના છે. આ રિપોર્ટ જણાવે છે કે દેશમાં કેટલું પ્રદૂષણ ફેલાયું છે. વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર પાકિસ્તાનનું લાહોર છે. આ પછી બીજા સ્થાને ચીનના હોટનનો નંબર આવ્યો છે, જ્યારે ભારતનું ભિવંડી ત્રીજા સ્થાને રહ્યું છે. ભિવંડી દેશનું નંબર વન સૌથી પ્રદૂષિત શહેર છે. આ પછી નંબર દિલ્હીનો આવે છે. રાષ્ટ્રીય રાજધાની હોવાના કારણે દરેકનું ધ્યાન આ શહેર ઉપર જ રહે છે. દિવાળી પછી પ્રદૂષણ એટલું વધી જાય છે કે લોકો માસ્ક વગર ઘરની બહાર નીકળવાનું ટાળે છે. ફટાકડા સળગાવવાના કારણે આકાશમાં ધુમ્મસ છવાયેલુ રહે છે. તાજેતરમાં, દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે વિકાસની ઝડપી ગતિ અને શાળાઓ, હોસ્પિટલો અને ફ્લાયઓવરના નિર્માણ છતાં, છેલ્લા આઠ વર્ષમાં શહેરમાં પ્રદૂષણનું સ્તર નીચે આવ્યું છે. PM 2.5 અને PM 10 બંને સ્તર ૨૦૨૨માં ૨૦૧૬ના આંકડાઓની તુલનામાં ૩૦ ટકા સુધી ઘટશે. જ્યારે પણ વિકાસના કામો થાય છે ત્યારે તેની સાથે વૃક્ષો કાપવા, રસ્તાનું બાંધકામ અને ધૂળવાળી માટી વગેરેને કારણે પ્રદૂષણ થાય છે.



**દુનિયાના ટોપ ૨૦ સૌથી પ્રદૂષિત શહેરો :**

૧. લાહોર, પાકિસ્તાન. ૨. હોટન, ચીન, ૩. ભિવંડી, ભારત ૪. દિલ્હી, ભારત ૫. પેશાવર, પાકિસ્તાન ૬. દરભંગા, ભારત ૭. આસોપુર, ભારત ૮. નજમેના, ચાડ ૯.નવી દિલ્હી, ભારત ૧૦.પટના, ભારત ૧૧. ગાઝિયાબાદ, ભારત ૧૨. ધરૂહેરા, ભારતર ૧૩. બગદાદ, ઈરાક ૧૪. છાપરા, ભારત ૧૫. મુઝફ્ફરનગર, ભારત ૧૬. ફૈસલાબાદ, ભારત ૧૭. ગ્રેટર નોઈડા, ભારત, ૧૮. બહાદુરગઢ, ભારત ૧૯. ફરીદાબાદ, ભારત ૨૦. મુઝફ્ફરપુર, ભારત

# WhatsAppએ તમને કોઈએ બ્લોક કર્યા છે તે તમે કેવી રીતે શોધી શકો

(એજન્સી) તા.૧૦

WhatsApp એ વિશ્વભરના લાખો વપરાશકર્તાઓ દ્વારા ઉપયોગમાં લેવાતું લોકપ્રિય ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ છે. આ એપ્લિકેશન દ્વારા આપણે અન્ય લોકોની સાથે સરળતાથી કનેક્ટ થઈ શકીએ છીએ. આ પ્લેટફોર્મ વપરાશકર્તાઓને સુરક્ષિત અનુભવ માટે ઘણીબધી ગોપનીયતા સુવિધાઓ પ્રદાન કરે છે. તે ઓફર કરે છે તે પૈકી ગોપનીયતા સુવિધાઓ પૈકી એક બ્લોકનો વિકલ્પ પણ છે. યુઝર્સ કોઈપણ નંબર અથવા સેવ કરેલા કોન્ટેક્ટ્સને મેસેજ મોકલતા રોકવા માટે તેને બ્લોક કરી શકે છે. એકવાર વપરાશકર્તાને અવરોધિત કરવામાં આવ્યા પછી, તેઓ તમારા સ્ટેટસ અપડેટ્સ, ઓનલાઈન સ્ટેટસ અને તમારી પ્રોફાઈલ પિક્ચર પણ જોઈ શકશે નહીં. જો તમને શંકા હોય કે કોઈએ તમને WhatsApp ઉપર બ્લોક કર્યા છે અને તેની પુષ્ટિ કરવા માગો છો, તો ચિંતા કરશો નહીં. આ ખરેખર બન્યું છે અથવા નહીં તે સમજવા માટે તમે વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરી શકો છો. કોઈએ તમને WhatsApp ઉપર બ્લોક કર્યા છે કે કેમ તેને તમે આ રીતે કન્ફર્મ કરી શકો છો. એ નંબરને એક સંદેશો મોકલો. એવા સંપર્કને સંદેશ મોકલવાનો પ્રયાસ કરો કે જેની તમને શંકા છે કે તેણે તમને બ્લોક કર્યા છે. જો તમારા સંદેશ ઉપર ડબલ ટિક ન લાગે તો તમારો સંદેશ તેને પહોંચ્યો નથી. જો તમારો સંદેશ થોડા સમય પછી પણ વિતરિત થતો નથી, તો સંભવ છે કે તમને બ્લોક કરવામાં આવ્યા છે. તેનું લાસ્ટ સીન તપાસો. જો તમે ઓનલાઈન સ્ટેટસ અથવા યુઝરનું લાસ્ટ સીન જોઈ શકતા નથી, તો સંભવ છે કે આ કોન્ટેક્ટે તમને બ્લોક કરી દીધા છે. એ નોંધવું અગત્યનું છે કે ફક્ત આ યુક્તિ ઉપર આધાર રાખવાથી તમને પુષ્ટિ મળી શકશે નહીં કારણ કે WhatsApp વપરાશકર્તાઓને તેમની ગોપનીયતા સંબંધિત સુવિધાઓના ભાગ રૂપે તેમની ઓનલાઈન સ્થિતિ અને લાસ્ટ સીન છુપાવવાની મંજૂરી છે. WhatsApp જૂથ બનાવવાનો પ્રયાસ કરો તમને લાગે છે કે કોઈએ તમને બ્લોક કર્યા છે તો તેવા સંપર્ક સાથે તમે WhatsApp જૂથ બનાવવાનો પણ પ્રયાસ કરી શકો છો. જો તમને બ્લોક કરવામાં આવ્યા છે, તો તમે યુઝરને એ ગ્રુપમાં એડ કરી શકશો નહીં. આ સંપર્કને કૉલ કરવાનો પ્રયાસ કરો જો તમારા કોલ્સ પાસ થઈ રહ્યાં નથી, તો આ સંપર્ક દ્વારા તમને અવરોધિત કરવામાં આવ્યા હોઈ શકે છે. જો તમે WhatsApp ઉપર કોઈને બ્લોક કરવા ઈચ્છો છો, તો તમે WhatsApp Settings > Account > Privacy > Blocked Contacts > Add Contact ઉપર જઈ શકો છો. હવે, તમે જે સંપર્કને અવરોધિત કરવા માંગો છો તે શોધી શકો છો અને તેને તમારી બ્લોક સૂચિમાં ઉમેરી શકો છો. જો તમે સેવ ન હોય તેવા સંપર્કને અવરોધિત કરવા માંગતા હો, તો WhatsApp વપરાશકર્તાની ચેટ વિન્ડો ખોલો સંપર્ક વિકલ્પ જોવા માટે ત્રણ બિંદુઓ ઉપર ટેપ કરો > more > block > confirm કરો.

## સગીર આરોપી આગોતરા જામીન માટે અરજી કરી શકે : અલ્હાબાદ હાઈકોર્ટ

લખનઉ, તા.૧૦

અલ્હાબાદ હાઈકોર્ટે જણાવ્યું છે કે કોઈપણ ગુનાનો આરોપી કિશોર (કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળક), તેને ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ ૪૩૮ હેઠળ કોઈપણ અન્ય નાગરિકની જેમ પરંતુ ઉપરોક્ત જોગવાઈમાં લાદવામાં આવેલા નિયંત્રણો સાથે આગોતરા જામીન (પૂર્વ ધરપકડ)નો ઉપાય મેળવવાનો અધિકાર છે. એક જ ન્યાયાધીશ દ્વારા કરાયેલા સંદર્ભનો જવાબ આપતી વખતે, મુખ્ય ન્યાયાધીશ પ્રિટીંકર દિવાકર અને ન્યાયમૂર્તિ સમિત ગોપાલની બનેલી ડિવિઝન બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ તેની સામે એફઆઈઆર નોંધાયા પછી કાયદા સાથે સંઘર્ષમાં આવતા બાળકને આગોતરા જામીનની અરજીને બાકાત રાખતો નથી. કારણ કે જુવેનાઈલ એક્ટ ૨૦૧૫માં CrPC માટે તેને અયોગ્ય બનાવવાની વિરૂદ્ધ કોઈ જોગવાઈ નથી. કાયદાના સંઘર્ષમાં રહેલા કિશોર અથવા બાળકને તેની ધરપકડના સમય અથવા ધરપકડની આશંકા ન થાય ત્યાં સુધી નિવારણ વિના છોડી શકાય નહીં.

# NEET PG 2024 કે NeXT પરીક્ષા ?

## NMCઆ મહિને અંતિમ માર્ગદર્શિકાની સમીક્ષા કરશે

નવી દિલ્હી, તા.૧૦

નેશનલ મેડિકલ કમિશન, NMC આ મહિને નેશનલ એક્ઝિટ ટેસ્ટ, નેક્સ્ટ પરીક્ષા માટે આ મહિને અંતિમ માર્ગદર્શિનની સમીક્ષા કરે તેવી અપેક્ષા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, NeXT પરીક્ષા માટેની માર્ગદર્શિકા ફાઈનલ કરવામાં આવી છે અને આ મહિનામાં ગમેત્યારે એપેક્સ મેડિકલની શિક્ષણ નિયમનકારી સમક્ષ મૂકવામાં આવશે. શરૂઆતમાં NeXT પરીક્ષાનું આયોજન નેશનલ એન્ટ્રન્સ કમ એલિજિબિલિટી ટેસ્ટ, NEET PG 2023 પરીક્ષા અને FMGE 2023 પરીક્ષાઓની બદલી માટે કરવામાં આવ્યું હતું. પરીક્ષા ત્રણ વર્ષમાં શરૂ થવાની હતી NMC એક્ટ, 2019 દ્વારા NMCની રચના કરવામાં આવ્યા પછી, જે ૨૦૨૦થી અમલમાં આવી હતી, તેના ત્રણ વર્ષમાં પરીક્ષા શરૂ થવાની હતી. જો કે, સરકારે તેના અમલીકરણને સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી પાછળ કરવાનો નિર્ણય લીધો. NEET PG 2023 5 માર્ચ, ૨૦૨૩ના રોજ હાથ ધરવામાં આવી હતી અને FMGE 2023 જૂન સત્ર માટે નોંધણીઓ પહેલેથી જ ચાલુ છે. આથી, જો NeXT પરીક્ષા લાગુ કરવામાં આવે તો પરીક્ષા 2024થી હાથ ધરવાની શક્યતા છે. જો કે, NEET PG સંબંધિત અંતિમ નિર્ણય નિયમોને નક્કી કર્યા પછી પરીક્ષા લેવામાં આવે તેવી અપેક્ષા છે. પ્રારંભિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, સંસ્થાને નેશનલ મેડિકલ કમિશન સાથે મર્જ કર્યા પછી NBE દ્વારા NeXT પરીક્ષા લેવામાં આવશે. જો કે, નવીનતમ અપડેટ્સ સૂચવે છે કે NBE કદાચ જરૂરી ધોરણો મુજબ NeXT પરીક્ષા લેવા માટે તૈયાર અથવા સજ્જ નથી. સૂત્રોએ શેર કર્યું છે કે AIIMS નવી દિલ્હી NeXT પરીક્ષા લેવા માટે શક્ય ઉમેદવાર છે. નેશનલ એક્ઝિટ ટેસ્ટ, નેક્સ્ટ પરીક્ષા, એકવાર અમલમાં મૂકાયા પછી, અંતિમ વર્ષના MBBS વિદ્યાર્થીઓ માટે લાયકાત અને સ્ક્રીનીંગ પરીક્ષા તરીકે કાર્ય કરશે. આ પેપર NEET PG પરીક્ષા અને FMGE પરીક્ષાનું સ્થાન લેશે. NEET PG પરીક્ષાની બદલી કરવામાં આવશે કારણ કે NeXT પરીક્ષાના સ્કોરનો ઉપયોગ MD પ્રવેશ માટે કરવામાં આવશે. વિદેશી મેડિકલ સ્નાતક પરીક્ષા, FMGE ટેસ્ટને NeXT પરીક્ષા તરીકે બદલવામાં આવશે જે ભારતમાં દવાની પ્રેક્ટિસ કરવા માટે સ્ક્રીનીંગ ટેસ્ટ તરીકે કાર્ય કરે છે. નિયમો અનુસાર, જે ડિસેમ્બર ૨૦૨૨માં સાર્વજનિક ડોમેનમાં બહાર પાડવામાં આવ્યા હતા, NeXT પરીક્ષા બે ભાગોમાં લેવામાં આવશે. NeXT ભાગ- ૧ જે થિયરી પરીક્ષાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે અને NeXT ભાગ-૨ પરીક્ષા પ્રાયોગિક, મૌખિક અને ક્લિનિકલ પરીક્ષણો માટે સાત ક્લિનિકલ વિષયો અને શિસ્ત ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. એકવાર અમલમાં આવ્યા પછી NeXT પરીક્ષા અંતિમ વર્ષના MBBS વિદ્યાર્થીઓ માટે સામાન્ય લાયકાતની પરીક્ષા, એક પ્રમાણિત પરીક્ષા અને MBBS એક્ઝિટ પરીક્ષા તરીકે પણ કામ આવશે.

## કેનેડામાંથી ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને દેશનિકાલનો સામનો કરવો પડ્યો હોવાથી વિદેશ મંત્રીના હસ્તક્ષેપની માંગ કરી

ચંદીગઢ, તા.૧૦

પંજાબના NRI બાબતોના મંત્રી કુલદિપ સિંહધાલીવાલે કેનેડામાંથી દેશનિકાલનો સામનો કરી રહેલા ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓના મામલામાં વિદેશ મંત્રી (EAM) એસ જયશંકરના હસ્તક્ષેપની માંગ કરી હતી. જયશંકરને લખેલા પત્રમાં ધાલીવાલે આ મુદ્દે તેમને મળવાનો સમય પણ માંગ્યો હતો. ઓછામાં ઓછા ૭૦૦ ભારતીય મોટાભાગે પંજાબના વિદ્યાર્થીઓ કેનેડામાંથી દેશનિકાલનો સામનો કરી રહ્યા છે કારણ કે તે દેશના અધિકારીઓને શૈક્ષણિક સંસ્થાઓમાંથી નકલી પ્રવેશ પ્રસ્તાવ પત્ર મળ્યા છે. આ મામલો માર્ચમાં પ્રકાશમાં આવ્યો હતો જ્યારે આ વિદ્યાર્થીઓએ કેનેડામાં કાયમી નિવાસ માટે અરજી કરી હતી. સમગ્ર મામલો GOIના ધ્યાન ઉપર અંગત રીતે લાવી શકાય એ માટે ધાલીવાલે EAMને મળવા માટે પણ સમય માંગ્યો છે. EAMને લખેલા પત્રમાં ધાલીવાલે કહ્યું કે, આ ૭૦૦ વિદ્યાર્થીઓ નિર્દોષ છે અને છેતરપિંડી કરનારાઓના ટોળા દ્વારા છેતરાયા છે. હું ખૂબ આભારી રહીશ જો તમે ફરીથી વ્યક્તિગત રીતે આ મામલાની તપાસ કરશો અને કેનેડાના હાઈ કમિશન અને કેનેડા સરકાર સહિત સંબંધિત એજન્સીઓ સાથે આ મામલો ઉઠાવશો જેથી આ વિદ્યાર્થીઓને દેશનિકાલ થતા બચાવી શકાય, ધાલીવાલે લખ્યું. આ વિદ્યાર્થીઓને દેશનિકાલ ન કરવો જોઈએ અને તેમના વિઝાને ધ્યાનમાં રાખીને વર્ક પરમિટ આપવી જોઈએ, એમ તેમણે જણાવ્યુંહતું. ધાલીવાલે પંજાબના લોકોને પણ અપીલ કરી છે કે વિદેશ જતા પહેલા અથવા તેમના બાળકોને અભ્યાસ માટે મોકલતા પહેલા, કોલેજની વિગતો અને ટ્રાવેલ એજન્ટનો રેકોર્ડ તપાસવો આવશ્યક છે.

## બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ઓરિસ્સાના લોકોએ ૧,૦૦૦થી વધુ માનવ જીવન બચાવ્યા : પટનાયક

ભુવનેશ્વર, તા.૧૦

મુખ્યમંત્રી નવીન પટનાયકે દાવો કર્યો હતો કે રાજયના લોકોએ બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ૧,૦૦૦થી વધુ માનવ જીવન બચાવ્યા છે કારણ કે તેઓ અકસ્માત પછી તરત જ એક્શનમાં આવ્યા હતા. બચાવ કામગીરીમાં સમર્થન આપતા લોકો અને રક્તદાન માટે લાંબી કતારોએ દુર્લભ પરંતુ અમૂલ્ય દ્રશ્યો છે. તેમ તેઓએ એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. જ્યાં રાજ્ય સરકારમાં ૧,૨૦૫ તબીબી અધિકારીઓ જોડાયા હતા. દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓની યાદમાં એક મિનિટનું મૌન પાળ્યા પછી, પટનાયકે કહ્યું કે, સ્થાનિકોના પ્રયત્નોએ ઓરિસ્સાના લોકોની સહાનુભૂતિ અને માનવતા પ્રગટ કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ડોકટરો, તબીબી વિદ્યાર્થીઓ, સામાન્ય લોકો અને બધાના મનમાં એક વાત હતી ચાલો આપણે બને તેટલા લોકોના જીવન બચાવીએ અને અમે એક હજારથી વધુ જીવ બચાવ્યા છે. બચાવ કામગીરીમાં મદદ કરતા લોકો અને રક્તદાન માટે લાંબી કતારો દુર્લભ પરંતુ અમૂલ્ય દ્રશ્યો છે. મને મારા લોકો ઉપર ગર્વ છે. મને ઓરિસ્સા ઉપર ગર્વ છે. ટ્રેન દુર્ઘટનાને યાદ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, બાલાસોરમાં થયેલી દુર્ઘટનાથી દરેક વ્યક્તિ વાકેફ છે જેણે દેશને, દુનિયાને પણ હચમચાવી દીધી હતી. તેમણે કહ્યું કે, આ અત્યંત શોક અને દુઃખનો સમય છે. પરંતુ, આ દુર્ઘટનાએ ઓરિસ્સાની તાકાત સાબિત કરી છે, કટોકટીના સમયે તેની અપેક્ષાઓ વધવાની ક્ષમતા છે. દિવસ દરમ્યાન રાજય સરકારે બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં મૃત્યુઆંકને સુધારીને ૨૮૮ કર્યો. પત્રકારો સાથે વાત કરતા મુખ્ય સચિવ પી.કે.જેનાએ જણાવ્યુંહતું કે ૨૭૫ મૃત્યુની પુષ્ટિ થઈ હતી અને મૃતદેહોની ચકાસણી બાદ આંકડો વધીને ૨૮૮ થયો હતો. જેનાએ કહ્યું કે, અત્યાર સુધીમાં કુલ ૨૦૫ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે અને તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. બાકીના ૮૩ મૃતદેહોને AIIMS-ભુવનેશ્વર અને અન્ય હોસ્પિટલોમાં ઓળખ માટે રાખવામાં આવ્યા હતા. પટનાયકે એવો પણ દાવો કર્યો હતો કે અકસ્માતના સમાચાર સામે આવતા જ રાજ્ય પ્રશાસન એક્શન મોડમાં આવી ગયુંહતું. તેમણે કહ્યું કે, મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, સહાયક સ્ટાફ બધા અકસ્માતના સ્થળે અને આરોગ્ય કેન્દ્રો ઉપર હતા, વ્યવસ્થા કરી રહ્યા હતા અને બચાવ કામગીરી અને ઘાયલોની સારવાર ઉપર દેખરેખ રાખી રહ્યા હતા.

# જ્ઞાનસેતુ પ્રોજેક્ટ રદ થતાં જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના શરૂ કરવાનો નિર્ણય

## વિદ્યાર્થીઓ પોતાની રીતે જ ખાનગી, સરકારી અથવા ગ્રાન્ટેડ સ્કૂલમાં પ્રવેશ મેળવી શકશે

## દર વર્ષે ધો.પાંચનો અભ્યાસ પૂર્ણ કરેલા ૩૦ હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાશે,સ્કૂલનું ધો.૧૦નું છેલ્લા પાંચ વર્ષ પૈકી ૩ વર્ષનું પરિણામ ૮૦ ટકાથી વધુ હશે તેમાં જ પ્રવેશ લઈ શકાશે




અમદાવાદ, તા.૧૦

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાનસેતુ સ્કૂલ પ્રોજેક્ટ રદ કર્યા બાદ હવે તેના બદલે જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે, જેમાં દરવર્ષે ધો.પાંચનો અભ્યાસ પૂર્ણ કરેલા ૩૦ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને ધો.૬થી ૧૨ સુધીનો અભ્યાસ કરવા માટે સ્કોલરશીપ આપવામાં આવશે. વિદ્યાર્થી પોતાની પસંદગીની સ્કૂલમાં પ્રવેશ મેળવી શકશે. જો કે, સ્કૂલ અંગેના ધારાધોરણ નક્કી કરાયા છે, જેમાં ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોનું ધો.૧૦ના છેલ્લા પાંચ વર્ષના પરિણામમાં ૩ વર્ષનું પરિણામ ૮૦ ટકાથી વધુ હોવું જરૂરી છે. આ યોજનામાં વિદ્યાર્થીઓને પ્રવેશ બાદ સ્કોલરશીપની રકમ સીધા તેમના ખાતામાં જ મળી જશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષથી જ્ઞાનસેતુ ડે સ્કૂલ શરૂ કરવાનું નક્કી કરાયું હતું. જેને લઈને સ્કૂલો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. અરજીઓની ચકાસણી કરતા રાજ્યમાં અનેક તાલુકામાં એક કરતા વધુ લાયકાત ધરાવતી શાળાઓ ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું હતું. જેથી એક સિવાય બાકી શાળાઓ યોજનામાં જોડાઈ શકે તેમ ન હતી. જ્ઞાનસેતુ સ્કૂલમાં મેરિટમાં આવનારા વિદ્યાર્થીઓ પાસે મર્યાદિત વિકલ્પ મળતા હતા, જેથી આ યોજના અંગે વિભાગ દ્વારા પુર્નઃ વિચારણા કરવામાં આવી હતી. રાજ્યમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલમાં ધો.૧થી પાંચનો સળંગ અભ્યાસ કરી ધો.પાંચ પૂર્ણ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે રાજયમાં આવેલી ગુજરાત બોર્ડ અથવા તો અન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં સરકારના નિયત ધારાધોરણ અનુસાર પસંદ થયેલી ખાનગી શાળાઓમાં ધો.૬મા પ્રવેશ મેળવી ધો.૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

જેમાં ધો.પાંચ પૂર્ણ કરેલા ૩૦ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને દરવર્ષે પસંદ કરી તેઓને ધો.૬થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની યોજના અમલમાં મૂકવાનું નક્કી કરાયું છે, જેમાં આ યોજનાનું નામ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના નામ આપવામાં આવ્યું છે. આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામક, શાળાઓ રહેશે. વિદ્યાર્થી જે ગ્રાન્ટેડ શાળામાં ધો.પાંચ સુધી સળંગ અભ્યાસ પૂર્ણ કરીને કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જૂની અનુદાનિત શાળામાં ધો.૬મા પ્રવેશ મેળવવા માંગતો હોય તો પ્રવેશ મેલવી ધો.૬થી ૮નો અભ્યાસ પૂર્ણ કરી શકશે. રાજ્યની ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાના રહેશે. તેના માટે શાળાના છેલ્લા પાંચ વર્ષ પૈકી ઓછામાં ઓછા ૩ વર્ષનું ધો.૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૦ ટકા કરતા વધુ હોવું જોઈએ. શાળામાં ધો.૬થી ૧૨નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય, ધો.૬થી ૮ પ્રાથમિક વિભાગ અને ધો.૯થી ૧૨ એક જ ટ્રસ્ટ અથવા સંસ્થા દ્વારા ચાલતુ હોય તેમજ ધો.૬થી ૧૦ અથવા ધો ૬થી ૧૨ સળંગ એક જ કેમ્પસમાં ચાલતુ હોવું જોઈએ. દરવર્ષે શાળાઓની પસંદગી યાદી નિયામક, શાળાઓ દ્વારા અદ્યતન કરવાની રહેશે. આ રીતે અદ્યતન પસંદગી યાદીમાંથી બાકાત રહેલી શાળાઓ જ્યાં સુધી પુર્નઃ પાત્રતા મેળવે નહીં ત્યાં સુધી આ યોજના હેઠળ નવા પ્રવેશ આપી શકશે નહીં. પરંતુ અગાઉના વર્ષમાં આવી શાળામાં પ્રવેશ મેળવેલો હોય તેવા વિદ્યાર્થીઓ ધો.૧૨ સુધીનો અભ્યાસ તે જ શાળામાં પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ઉપરાંત બસ પાસની સુવિધા પણ મળશે.

### વિદ્યાર્થી અને શાળાને મળતી સહાયમાં ૩ વર્ષે વધારો થશે

હાલમાં શિક્ષણ વિભાગ દ્વારા સ્કોલરશીપ માટેની રકમ નક્કી કરી છે. આ જ રીતે શાળાઓને પણ મળનારી સહાય નક્કી કરવામાં આવી છે. જેથી હવે ત્રણ વર્ષ પછી રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાયમાં વધારો કરવા માટે વિચારણા કરશે. આમ, દર ૩ વર્ષે સ્કોલરશીપની રકમ અને શાળાઓને મળતી સહાયમાં વધારો થશે.

### વિદ્યાર્થીઓને કેટલી સ્કોલરશીપ મળશે

ધો. ૬થી ૮ રૂા.૫ હજાર સરકારી ગ્રાન્ટેડ સ્કુલ અને ખાનગી સ્કુલને રૂા.૨૦ હજાર, ધો. ૯થી ૧૦ રૂા.૬ હજાર સરકારી ગ્રાન્ટેડ સ્કુલ અને ખાનગી સ્કુલને રૂા.૨૨ હજાર, ધો.૧૧થી ૧૨ રૂા.૭ હજાર સરકારી ગ્રાન્ટેડ સ્કુલ અને ખાનગી સ્કુલને રૂા. ૨૫ હજાર આપવામાં આવશે.

### સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોને પણ સહાય મળશે

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ કે સરકારી શાળામાં પ્રવેશ મેળવે તો તે શાળાઓને પણ વિદ્યાર્થી દીઠ નાણાકીય સહાય આપવામાં આવશે. જેમાં ધો.૬થી ૮મા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા.૨ હજાર, ધો.૯થી ૧૦મા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા.૩ હજાર અને ધો.૧૧થી ૧૨મા પ્રવેશ માટે વિદ્યાર્થી દીઠ રૂા.૪ હજાર સહાય અપાશે.

# જૂનાગઢમાં દિવ્યાંગ વ્યક્તિનો રૂા.૪૩,૦૦૦ રોકડ રૂપીયા સાથેનો થેલો શોધી અપાયો

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢમાં દિવ્યાંગ વ્યકિતના રૂા.૪૩ હજાર રોકડ સાથેનો થેલો શોધી આપવામાં પોલીસની મદદ મળી છે. આ અંગેની મળતી વિગત અનુસાર કીરીટભાઈ નાથાભાઈ રૂપારેલીયા જૂનાગઢના ખામધ્રોળરોડ ઉપર કોલ્ડ્રીંક્સની દુકાન ચલાવી પોતાનું અને પોતાના પરીવારનુ ગુજરાન ચલાવતા હોય, પોતે બંને પગે દીવ્યાંગ હોવા છતાં હીંમતભેર ધંધો કરી અને પરીવારનું ગુજરાન ચલાવે છે. તા. ૪/૬/૨૦૨૩ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે પોતાના ઘરેથી દુકાને જવા નીકળેલ, તેમની સાથે ૧ થેલો હતો કે જેમાં ૪૩,૦૦૦/- રોકડ રૂપીયા અન્ય ઉઘરાણીના બીલો, અન્ય અગત્યના દસ્તાવેજો સહીતનો સામાન હતો. દુકાને પહોંચ્યા બાદ તેમને માલુમ થયેલ કે તેમની એકટીવામાં રાખેલ થેલો રસ્તામાં ક્યાંક પડી ગયેલ ફરીથી તેઓ તે જ રૂટ ઉપર તપાસ કરતા આ થેલો તેમને મળેલ નહી તેઓ વ્યથીત થઈ ગયેલ અને આ બાબતની જાણ તેમણે જૂનાગઢ તાલુકાના પી.એસ.આઈ.એસ.એ.ગઢવીને કરતા પી.એસ.આઈ. એસ.એ.ગઢવી દ્વારા નેત્રમ શાખાના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને જાણ કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ ડીવીઝનના ડી.વાય.એસ.પી. હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ તાલુકાના પી.એસ.આઈ. એસ.એ.ગઢવી, પોલીસ કોન્સ. પ્રવીણસીંહ મોરી તથા રાજુભાઈ કટારા નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ પી.એચ.મશરૂ, હે.કો. કીરણભાઈ રાઠોડ, પો.કોન્સ. ચેતનભાઈ સોલંકી, શીલ્પાબેન કટારીયા, વીક્રમભાઈ ચાવડા, એન્જીનીયર નીતલબેન મેતા સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી કીરીટભાઈ નાથાભાઈ રૂપારેલીયા જે સ્થળેથી પસાર થયેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા તે થેલો ૧ વાહન ચાલક દ્વારા લીધેલ હોવાનું ધ્યાને આવેલ તે વાહન ચાલકના નંબર જીજે. ૧૧ એસએસ ૦૭૭૦ શોધેલ. પોલીસ દ્વારા તે વાહન ચાલકનો સંપર્ક કરી અને આકરી ભાષામાં પૂછપરછ કરતા હમીરભાઈ રહેમાનભાઈ આગવાન દ્વારા કબુલાત આપેલ કે તેમને આ થેલો ખામધ્રોળ રોડ ઉપરથી મળેલ પરંતુ આ થેલાના માલીક કોણ છે ? તેની જાણ તેમને ન હતી. નેત્રમ શાખાના અને જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટાફ દ્વારા દિવ્યાંગ વ્યકિત કિરીટભાઈ રૂપારેલિયાના ૪૩,૦૦૦/- રોકડ રૂપીયા તથા અન્ય ઉઘરાણીના કાગળો સહીતના દસ્તાવેજ સાથેનો થેલો પરત અપાવેલ.

જૂનાગઢ નેત્રમ શાખા પોલીસ સ્ટાફ તથા જૂનાગઢ તાલુકા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા ૪૩,૦૦૦/- રોકડ રૂપીયા તથા અન્ય ઉઘરાણીના કાગળો સહીતના દસ્તાવેજ સાથેનો થેલો સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી કીરીટભાઈ નાથાભાઈ રૂપારેલીયા પ્રભાવિત થયેલ અને ખુબજ ભાવુક થઈ ગયેલ હતા અને તેમણે જણાવેલ કે આટલી કીંમતી વસ્તુનો થેલો પાછો મળશે તેવી તેમણે આશા છોડી દીધેલ અને નેત્રમ શાખા તથા જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટાફનો ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને જૂનાગઢ તાલુકા પો.સ્ટે.ની પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા કીરીટભાઈ નાથાભાઈ રૂપારેલીયાનો ૪૩,૦૦૦/- રોકડ રૂપીયા તથા અન્ય ઉઘરાણીના કાગળો સહીતના દસ્તાવેજનો થેલો સહી સલામત પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.




# ગીર સોમનાથમાં પીવાના પાણી તેમજ સિંચાઈ વ્યવસ્થાની સમિક્ષા કરતા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા



ગીર સોમનાથ. તા.૧૦

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગીર સોમનાથના સોનારિયા, વડોદરા ઝાલા, સુત્રાપાડા અને ધામળેજ સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લીધી હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા તેમજ સિંચાઈ વ્યવસ્થા અંગે સમિક્ષા કરી હતી અને સ્થાનિક ગ્રામજનોની રજૂઆતોને સાંભળી સત્વરે ઉકેલ લાવવા શીર્ષ અધિકારીઓને સૂચનાઓ આપી હતી. સૌ પ્રથમ મંત્રીએ સર્કિટ હાઉસખાતે પાણી પુરવઠા, સિંચાઈ તેમજ વાસ્મોના શીર્ષ અધિકારીઓ સાથે બેઠક કરી ચિતાર મેળવ્યો હતો. જે પછી હિરણ નદી સાઈટ ઉપર મુલાકાત લીધી હતી જ્યાં કાર્યપાલક ઈજનેર કલસરિયાએ પાણી પુરવઠા તેમજ બાંધકામ અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં. જે પછી મંત્રીએ સોનારિયા ગામે પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈ આસપાસના ગામોમાં પાણી વિતરણ વ્યવસ્થા જળવાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. આ તકે મંત્રીએ વડોદરા ઝાલા મુકામે દરિયામાં જતા પાણીને રોકવા તેમજ ચોમાસાના પાણીનો સંગ્રહ કરવા નિર્માણાધિન બંધારાની કામગીરીનું જાતનિરિક્ષણ કર્યુ હતું અને પૂરક માહિતી મેળવી હતી. જે પછી ધામળેજ ખાતે ગ્રામ્યજનોની પીવાના પાણી તેમજ સિંચાઈના પાણી અંગેની રજૂઆતો સાંભળી હતી અને ખેડૂતોને સિંચાઈ માટે કેટલું પાણી આપવામાં આવે છે? ગ્રામ્યજનોને પીવા માટે કેટલું પાણી આપવામાં આવે છે ? અનધિકૃત પાણી કનેક્શનો સામે કડકાઈ વગેરે સંદર્ભે બારીકાઈથી માહિતી લીધી હતી અને ગ્રામ્યવિસ્તારમાં પાણી પુરવઠો જળવાઈ રહે અને આ બાબતે કોઈ વિક્ષેપ ઉભો ન થાય તેમજ પાણીનું વિતરણ સુનિયોજીત રીતે થાય તે અંગે શીર્ષ અધિકારીઓને તકેદારી રાખવા જણાવ્યું હતું. આ દરમ્યાન મંત્રીએ ધામળેજ સંપની મુલાકાત લઈ વિતરણ વ્યવસ્થાનો અહેવાલ મેળવ્યો હતો. મંત્રીની મુલાકાત દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેન વાજા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પુરવઠા અધિકારી રાહુલ ગમારા, પાણી પુરવઠા બોર્ડ સુપ્રિટેન્ડન્ટ એન્જિ. એલ.એમ.સિંધલ સહિત પાણી પુરવઠા, સિંચાઈના શીર્ષ અધિકારીઓ અને મહેન્દ્રભાઈ પીઠિયા સહિતના અગ્રણીઓ તેમજ ગ્રામ્ય સરપંચઓ અને સ્થાનિક ગ્રામજનોની પણ ઉપસ્થિતિ રહી હતી.


# 'ઓવારણાં' પુસ્તકનું વિમોચન રૂપાયતન જૂનાગઢમાં થયું



(ભોળા જાદવ દ્વારા) લોઢવા, તા.૧૦

જૂનાગઢ ભવનાથ ખાતે આવેલ રૂપાયતન ખાતે લોઢવાના લેખક રામભાઈ બી. વાઢેર દ્વારા રચિત અને વિજયભાઈ પીઠીયા દ્વારા પ્રકાશિત લોઢવા અને આજુબાજુના વિસ્તારની શૌર્યકથાઓ, ગ્રામ્ય કથાઓ, ગ્રામ્ય સંસ્કૃતિના મોતી વીણીવીણીને 'ઓવારણા' નામે પુસ્તક સંતો-મહંતો, અગ્રણીઓની ઉપસ્થિતિમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

# માંગરોળનાં દરિયા કાંઠે ૨૫૦૦ બોટો લાંગરી દેવાઈ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૦

અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપરજોય વાવાઝોડાને કારણે માંગરોળ દરીયા કીનારાના લોકોમાં ભારે દહેશત જોવા મળે છે. આ અણધારી આફતને પહોંચી વળવા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જો કે હવામાન વિભાગ સહિતની જુદી જુદી એજન્સીઓ આ વાવાઝોડાનું ચોક્કસ કઈ દિશામાં જાશે એ નક્કી કરી શકી નથી. પૂર્વાનુમાનને આધારે હાલ હવામાન વિભાગ દ્વારા બિપરજોય વાવાઝોડાને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડિઝાસ્ટર અને માંગરોળ તાલુકાના અધિકારીઓને સ્ટેન્ડ બાય રહેવા આદેશ આપવામાં આવ્યો છે. તો બીજી તરફ માંગરોળમાં અસહ્ય ગરમી અને બફારામા પણ વધારો જોવા મળી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા બિપરજોય વાવાઝોડુ ગુજરાત તરફ આવે તેવી પણ શક્યતાઓ પણ દર્શાવાય રહી છે. ત્યારે આ વાવાઝોડાની અણધારી આફત પગલે દરિયાઈ કાંઠા વિસ્તારના લોકોને પણ એલર્ટ કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા બિપરજોય વાવાઝોડાને લઈને માંગરોળ ડિઝાસ્ટર દ્વારા એકશન પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. અને કન્ટ્રોલરૂમ પણ શરૂ કરાયો છે. માંગરોળ બંદર ઉપર મેરીટાઈમ બોર્ડે એક નંબરનું સિગ્નલ લગાવી દીધું છે.

હાલમાં જે તોફાનની આગાહી કરવામાં આવી છે જેને લઈ તમામ બોટોને પરત બોલાવી લેવામાં આવી છે. જોકે ચોમાસાની સિઝનમાં બે મહિના માછીમારી બંધ કરવામાં આવે છે. જેમાં ૧ જુનથી ૧ ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ખેડવા માટે મનાઈ કરવામાં આવે છે. આ સમય દરમ્યાન દરિયો તોફાની બને છે અને ચોમાસાની સિઝનના કારણે વરસાદ પણ વધુ હોય છે અને જેને કારણે માછીમારી કરવી એ જીવનું જોખમ હોય છે. માછીમારો જણાવે છે કે હાલ માંગરોળબંદર ઉપર વાતાવરણ સામાન્ય છે પરંતુ હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ સરકાર દ્વારા માછીમારી કરવાની પણ મનાઈ કરવામાં આવી છે. અહીં માંગરોળ બંદર ઉપર ૧૬૦૦થી વધુ મોટી બોટ અને ફાઈબરની ૧,૦૦૦ થી વધુ બોટો છે. વાવાઝોડાને લઈ તંત્ર દ્વારા માછીમારી કરવાની મનાઈ ફરમાવતા તમામ માછીમારોએ પોતાની બોટોને લંગર નાખી કાંઠે લઈ લીધેલ છે.

# માંગરોળ ખારવા સમાજ દ્વારા ૧૬માં સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન સંપન્ન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ સમસ્ત ખારવા સમાજ દ્વારા ૧૬માં સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરાયુ બંદર વિસ્તારના રામલીલા મેદાન ખાતે ૧૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા છે. ખારવા સમાજ આયોજિત આ ભવ્ય સમુહ લગ્નોત્સવમાં સવારે મંડપ રોપણ વિધિ તેમજ સાંજે માંગરોળ બંદર ખાતે એક સાથે ૧૮ વરરાજાઓને ઘોડા ઉપર બેસાડી પરીવારના સભ્યો સહિત આગેવાનો ડીજેના તાલે ઝૂમી વરઘોડાઓને લગ્ન મંડપ સુધી પહોચાડવામાં આવ્યા હતા તેમજ વર્ષોની પરંપરાગત મામાઓ પોતાની ભાણેજનો હાથ પકડી તેમનિ ઉપર બહેનો દ્વારા ફુલોની વર્ષાઓ સાથે મંડપ સુધી પહોચાડી સુખીસંપન લગ્ન જીવન માટે આશીર્વાદ આપ્યા હતા. આ અવસરે જૂનાગઢથી પધારેલ પુજ્ય સંતશ્રી શેરનાથબાપુ દ્વારા તમામ નવદંપતિઓને આશિર્વાદ આવ્યા હતા. આ સાથે માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા તેમજ રાજકીય, સામાજિક, ધાર્મીક સંસ્થાઓના અનેક આગેવાનોએ ખાસ હાજરી આપી નવદંપતિઓને આશીર્વાદ તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.આ ભગીરથ પાવન અને કલ્યાણકારી કાર્યમા ખારવા સમાજના પટેલ પરસોતમભાઈ ખોરાવા, સહીત આગેવાનો તથા મુંબઈ ખારવા સમાજના સચિનભાઈ ભદ્રેસા , ચોરવાડ ખારવા સમાજના પટેલ હરીલાલ સોલંકી તેમજ વેરાવળ, પોરબંદર ખારવા સમાજના આગેવાનો નવ દંપતીઓને આશીર્વાદ આપવા પધાર્યા હતા તેમજ આ લગ્નોત્સવને સફળ બનાવવા ખારવા સમાજના દરેક ગૃપો, સંસ્થાઓના પ્રમુખો, દરેક મિત્રમંડળો દ્વારા ભારે જહેમત ઉઠાવી આ સમુહ લગ્નોત્સવના સુંદર આયોજનને સફળ બનાવ્યો હતો. આ સમુહ લગ્નોત્સવના અવસરે સમગ્ર કાર્યક્રમનુ સુંદર સંચાલન રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યુ હતું.



# વેરાવળમાં વરલી મટકાના જુગાર રમત બે શખ્સો ઝડપાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૦

વેરાવળમાં નાના કોળીવાડા વિસ્તારમાં પોસ્ટ ઓફિસ પાસે વોટ્સએપ મેસેજ દ્વારા વરલી મટકાના આંકડાઓ લખી હારજીતનો જુગાર રમતા બે શખ્સોને રોકડા રૂા.૧૨૪૭૦ તથા મોબાઈલ મળી રૂા.૧૬૪૭૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારની સુચનાને અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ.ઈશરાણીના માર્ગદર્શન હેઠળ રામ ભરોસા પોલીસ ચોકીના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. આર.એચ.સુવા, પો.હેડ.કોન્સ. હિતેષસિંહ પરમાર, કેશવભાઈ વાદી, પોલીસ કોન્સ. ઘનશ્યામભાઈ બામણીયા, ભાવસિંહ ચૌહાણ, સતીષભાઈ ગોહિલ, રવિકુમાર ગોહિલ, રાહુલસિંહ ઝાલા, નિતીનભાઈ જેઠવા, કાજલબેન સોલંકી સહીતના પેટ્રોલીંગમાં રહેલ તે દરમ્યાન બાતમીના આધારે નાના કોળીવાડા પોસ્ટ ઓફિસ રોડ ઉપર એ.ટી.એમ. બાજુની ગલીના ખુણા પાસે રોડ ઉપર વોટ્સએપ મેસેજ દ્વારા વરલી મટકાના આંકડાઓ લખી જુગાર રમતા હિતેષ પરસોતમભાઈ ચંદારાણા (ઉ.વ.૪૮), રાજુ ગોવિંદભાઈ વાજા (ઉ.વ.૩૫)ને રૂા.૧૨૪૭૦ તથા મોબાઈલનંગ- ૨ રૂા.૪૦૦૦ મળી રૂા.૧૬૪૭૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# ૧૨ જૂનથી રાજ્યમાં ઈ-પાસ સિસ્ટમ લાગુ કરવામાં આવશે

## અંદાજે ૨.૩૨ લાખ મુસાફરો તથા ૪.૯૨ લાખ વિદ્યાર્થીઓને ફાયદો થશે

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં વિદ્યાર્થીઓ અને મુસાફરો માટે રાહતના સમાચાર આવી રહ્યા છે. આગામી દિવસોમાં રાજ્યમાં ઈ પાસ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. ૧૨ જૂનના રોજ રાજ્યમાં કન્યા કેળવણીની ઉજવણીથી નવી ઈ- પાસની સિસ્ટમ અમલ કરવામાં આવશે. અંદાજે ૨.૩૨ લાખ મુસાફરો તથા ૪.૯૨ લાખ વિદ્યાર્થીઓને ફાયદો થશે. વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે લાંબા સમય સુધી લાઈનમાં ઉભા રહેવુ પડે છે. છતા પણ વિદ્યાર્થીઓ અને મુસાફરોને હાલાકિનો સામનો કરવો પડે છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ અને રોજીંદા મુસાફરોને નિગમ દ્વારા હાલની પાસ સિસ્ટમમાંથી પાસ આપવામાં આવે છે. હાલમાં કાર્યરત સિસ્ટમ મુજબ વિદ્યાર્થીઓએ નિગમનના કાઉન્ટર પરથી અરજી પત્રક મેળવવાનુ હોય છે. ત્યારબાદ આ અરજી પત્રક મેન્યુઅલી ભરવાનું રહે છે. અરજી પત્રક ભર્યા બાદ જે તે શૈક્ષણિક સંસ્થાના સહી સિક્કા કરાવવાના રહે છે. ત્યારબાદ નિગમના કાઉન્ટર પર એપ્લિકેશન ફોર્મ આપી રોકડ ચુકવણી કર્યા બાદ પાસ મેળવી શકાય છે. આ કામગીરીમાં વિદ્યાર્થીઓને અલગ અલગ જગ્યાએ લાઈનમાં ઊભા રહી કામગીરી કરવાનું હોય તેમના કીમતી સમયનો વ્યય થાય છે. નિગમના રોજિંદા મુસાફરો અને વિદ્યાર્થીઓને લાઈનમાં ઊભા રહેવુ ન પડે અને ઓનલાઈન પેમેન્ટ તેમજ વિદ્યાર્થીઓના ઈ-વેરિફિકેશન થકી તુરંત જ પાસ મેળવી શકાય તેવા હેતુથી ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન ઈ- સિસ્ટમ અમલમાં મૂકવામાં આવે છે. ઈ-પાસ સિસ્ટમ દ્વારા વિદ્યાર્થીઓ અને મુસાફરો પોતે જ કોમ્પ્યુટર અથવા મોબાઈલ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ દૈનિક મુસાફરોને ઓનલાઈન કે ઓફલાઈન પેમેન્ટનું ઓપ્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓના કિસ્સામાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ આ એપ્લિકેશનનું વેરિફિકેશન પણ જે તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન કરવામાં આવશે ત્યારબાદ ઓનલાઈન અથવા ઓફલાઈન પેમેન્ટનો વિકલ્પ આપવામાં આવશે. નિગમ દ્વારા હાલમાં પાસ વેરીફિકેશન માટે નિગમના પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતી પ્રીપ્રીન્ટેડ સ્ટેશનરી પર પ્રિન્ટ આપવાની થતી હોવાથી ચુકવણી કર્યા બાદ વિદ્યાર્થીઓ અને મુસાફરો નિગમના કોઈપણ કાઉન્ટર પરથી પાસની પ્રિન્ટ મેળવી શકશે.



# જૂનાગઢની જાણીતી શ્રી સરદાર પટેલ શૈક્ષણિક સંસ્થાના ગડબડ ગોટાળાનું મસમોટું કૌભાંડ બહાર આવતા શિક્ષણ જગતમાં ચકચાર

## ગ્રાન્ટેડમાંથી ખાનગી શાળાઓમાં છાત્રાઓને ખસેડવા માટે હિલચાલની સામે ભારે મોટો વિવાદ : આજે ભવનાથ ખાતે આ બાબતે બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

શિક્ષણ ક્ષેત્રે હબ ગણાતા જૂનાગઢમાં કોઈએ કલ્પના ન કરી હોય તેવું કૌભાંડ એક જાણીતી સંસ્થાનું બહાર આવેલ છે. જૂનાગઢના અને સૌરાષ્ટ્ર વિસ્તારના પણ અગ્રણી કેળવણીકાર અને લેઉવા પટેલ સમાજના મોભી એવા સ્વ. ડો. હરીભાઈ ગોધાણીએ શૈક્ષણિક સંસ્થાનું આજથી ત્રણ દાયકા પહેલા નિર્માણ કર્યું હતું અને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતીકારી કાર્ય કરી અને સારદાર પટેલ શૈક્ષણિક સંકુલ નામની કન્યા કેળવણીની સંસ્થાને વટવૃક્ષ બનાવી દીધેલ અને તેની ખ્યાતી ચારે તરફ પ્રસારી ગઈ છે. ડો. હરીભાઈ ગોધાણીના સ્વર્ગવાસ બાદ આ સંસ્થામાં હાલ જુદા-જુદા પદાધિકારીઓ શૈક્ષણિક સંકુલનો વહિવટ અને કારોબાર સંભાળી રહ્યા છે ત્યારે લેઉવા પટેલસમાજ તેમજ આ સંકુલમાં અભ્યાસ કરવા આવતી વિદ્યાર્થીનીઓ અને તેના વાલીઓને આચકારૂપ બાબત એક કૌભાંડ બહાર આવેલ છે.

ગ્રાન્ટેડ શાળામાંથી ખાનગી શાળામાં છાત્રાઓને ખસેડવાનું જબરજસ્ત કારસતાન બહાર આવ્યું છે અને ૯૦૦ જેવા લીવીંગ સર્ટીફીકેટો મળી આવ્યા છે અને આ સંસ્થાનો વિવાદ જનતા સમક્ષ આવ્યો છે ત્યારે જૂનાગઢ અને સૌરાષ્ટ્રભરના શૈક્ષણિક જગતમાં ભારે ચર્ચાસ્પદ બાબત બની છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢના જોષીપરામાં ચાલતી શ્રી સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ નામની કન્યા કેળવણીની સંસ્થાને જે તે સમયે પટેલ સમાજની દીકરીઓ ઓછા ખર્ચે જૂનાગઢ આવીને અભ્યાસ કરે તેવો હેતુ હતો. સંસ્થાના સ્થાપક ડો. સ્વ હરિભાઈ ગોધાણીએ એક એવી શૈક્ષણિક સંસ્થા ઉભી કરી જે અન્ય જ્ઞાતિના લોકો માટે પણ આદર્શ બની ગઈ. આ સંકુલમાં કુલ ૩૩ વર્ગો ગ્રાન્ટેડ હતા જે હવે માત્ર ૧૮ રહ્યા છે. આ વર્ગો બંધ થવા પાછળ ટ્રસ્ટીઓ દ્વારા ઠરાવ કરીને બંધ કરાવાયા છે. જેમાંથી અંદાજે ૯૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ જે આ જ સંકુલમાં સરકારના ખર્ચે અભ્યાસ કરતી હતી તે સ્વનિર્ભર શાળામાં મોકલી દેવામાં આવી છે. ખાસ કરીને ચેરમેન જે. કે. ઠેસીયા પોતે જ આ વર્ગો બંધ થાય તેના પક્ષમાં હતા. કારણ કે જો આ સંકુલમાં સ્વનિર્ભર શાળાના વર્ગો ચાલુ થાય તો પોતાનો સ્વાર્થ સાધી શકાય અથવા તો છૂપો કોઈ એજન્ડા પણ હોય શકે છે. મહત્વની વાત એ છે કે, સંકુલની ૨૦૧ વિદ્યાર્થીનીઓના લિવિંગ સર્ટિફિકેટ તો સ્વનિર્ભર શાળાના આચાર્ય ઉદય હિરપરા પોતાની સહીથી કાઢીને લઈ ગયા હતા તેના માટે ટ્રસ્ટીઓનું દબાણ પણ હતું. સંસ્થામાં સરકારી ખર્ચે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની સંખ્યા જે ૨ હજાર ઉપરની હતી તેમાંથી ૯૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ હાલ તગડી ફી આપીને આ જ સંકુલમાં અભ્યાસ કરી રહી છે. જે વિદ્યાર્થીનીઓ સ્વનિર્ભર શાળામાં નથી ગઈ તેની સામે હોસ્ટેલમાં રહેતી હોય ત્યારે ઓરમાયું વર્તન કરીને આજે પણ પરેશાન કરવામાં આવી રહી હોવાનું ટ્રસ્ટના જ લોકો કહી રહ્યા છે. સંસ્થાના ટ્રસ્ટી ભાવેશભાઈ વેકરીયા અને અશ્વિનભાઈ બોરડે જણાવ્યું હતું કે, જે. કે. ઠેસીયાએ સંસ્થાને પોતાની પેઢીની જેમ ચલાવીને સમાજને ખુબ મોટું નુકશાન કર્યું છે. સ્વ. ડો. હરિભાઈ પટેલ આ સંસ્થાને અંદાજે રૂા. ૧૫ કરોડ જેવી રકમ તો ફિક્સ ડિપોઝીટ કરીને આપી હતી જેનો હિસાબ મળતો નથી. પટેલ સમાજના યુવાનોએ સમાજની એક બેઠક આજે ભવનાથમાં બોલાવી છે. આ બેઠકમાં વિવિધ મુદ્દાની ચર્ચા થશે તેમ મનાઈ છે.

### એક બાદ એક પ્રવાસન સ્થળોના વિકાસ કામો થઈ રહયા છે

# આદ્ય કવિ નરસિંહ મહેતાનું જૂનાગઢમાં ડિજિટલ મ્યુઝીયમ બનશે



જૂનાગઢતા.૧૦

આદ્ય કવિ નરસિંહ મેહતાનાં ધામ એવુ જૂનાગઢ શહેર આજે પ્રવાસનની દ્રષ્ટિએ ગુજરાતમાં નંબરવન બનીગયું છે. એક બાદ એક પ્રવાસન સ્થળોના વિકાસ કામો થઈ રહયા છે. નરસિંહ મહેતાનાં જીવન ઉપર જૂનાગઢમાં ડિજિટલ મ્યુઝીયમ બનાવવામાં આવનાર છે. જેને લઈને જૂનાગઢ વાસીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જૂનાગઢમાં આગામી દિવસોમાં પ્રવાસીઓ માટે નરસિંહ મહેતા ડિજીટલ મ્યુઝિયમ રૂપે નવું આકર્ષણ નરસિંહ મહેતા ટ્રસ્ટનાં મંત્રી ખમીર મજમુદારે જણાવ્યું હતુ કે, રાજ્ય સરકાર દ્વારા નરસિંહ મહેતા ચોરાને રિનોવેશન માટે રૂા. ૫ કરોડ ફાળવ્યાં હતા. જેનાં પગલે નિજ મંદિર અને ચોરાનાં રિનોવેશનની પ્રક્રિયા હાલ પુર્ણ થવા પામી છે. પરંતુ નરસિંહનાં જીવન કવન ઉપર ડીઝીટલ મ્યુઝિયમ બનાવવા માટેની પ્રક્રિયા માટે રાજ્ય સરકાર દ્વારા હાલ એજન્સીને કામગીરી સોપવાનું ફાઈનલ કરવામાં આવ્યું છે. જેનાં પગલે આગામી દિવસોમાં પ્રવાસિઓ માટે મ્યુઝિયમ આકર્ષનું કેન્દ્ર બનશે. જૂનાગઢનાં ઐતિહાસીક સ્થળ પૈકી નરસિંહ મહેતાનો ચોરો કે જ્યાં વર્ષો સુધી ભક્ત કવિ નરસિંહ મહેતાએ ભજન, કિર્તન સાથે ભકિત કરી હતી તેમની ભકિતની શક્તિથી ભગવાન પણ બાવન વખત આ જૂનાગઢની પાવન ભૂમી ઉપર ભકતની વ્હારે આવ્યા હતા. ભગવાન ઉપર અતુટ વિશ્વાસ અને શ્રધ્ધા હોવાથી તે કહેતાં કે વિશ્વાસ ત્યાં વિશ્વંભર' આ વાક્યને ભગવાનનેપસંદ કરી સાર્થક કરી બતાવ્યું હતું. વિક્રમ સંવત ૧૪૬૫ માં ભાવનગર જિલ્લાના તળાજામાં જન્મેલાં નરસિંહ મહેતાએ નાનપણમાં જ પોતાના માતાપિતાની છત્રછાયા ગુમાવી હતી. જેપછી તેઓ તેમનાં મોટાભાઈ અને ભાભી સાથે રહેવા લાગ્યાં હતા. મહેતાજીને ભજન અને પ્રભુભક્તિ સિવાય અન્ય કોઈ બાબતમાં રસ પડતો નહીં. આથી પોતાની મસ્તીમાં મસ્ત



રહેવાવાળા મહેતાજી ને અનેક વખત મહેણાં-ટોણા સાંભળવા પડતાં હતાં. એક વખત તેમના ભાભીએ મારેલું મહેણું સહન ન થવાથી. તેઓએ ઘરનો ત્યાગ કર્યો અને તેઓ ગોપનાથ મહાદેવની ભક્તિમાં લિન થયાં હતાં. નરસિંહ મહેતાની આકરી ભક્તિથી મહાદેવપ્રસન્ન થયાં અનેમહેતાજીનેભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાના દર્શન કરાવ્યાંહતા. રાસલીલાના દર્શન કરતાં કરતાં મહેતાજી એવા લિન બની જાય છે કે, પોતાનાં હાથમાં રહેલી મશાલ સાથે તેઓનો હાથ પણ સળગવા લાગે છે. નરસૈંયાની ભક્તિ જોઈને ભગવાન શ્રીકૃષ્ણએ અભયવચન આપ્યું કે, મહેતાજી જ્યારે-જ્યારે બોલાવશે, ત્યારે-ત્યારે તેઓ હાજર થાશે! જે પછી ભગવાન શ્રીકૃષ્ણ ભક્ત નરસૈંયાના કામ કરવા અનેક વખત આ પૃથ્વીલોક પર આવે છે અને કામ ઉકેલે છે. જે સ્થળ ઉપર નિવાસ કરીને મહેતાજી ભગવાન શિવ અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં તરબોળ બન્યાં હતાં તેની યાદ અપાવતું સ્થળ 'નરસિંહ મહેતાનો ચોરો'આજેપણ દર્શનાર્થીઓ માટે આસ્થાનું પ્રતીક બનીરહ્યો છે. આર્જે છેલ્લા ૧૦૦ વર્ષથી મંદિરની પૂજા કરી રહેલાં અને ચોથી પેઢીનાં પૂજારી જીતભાઈ પુરોહિતે જણાવ્યું કે, મંદિરમાં આજે પણ પુષ્ટી સંપ્રદાય મુજબ ભગવાનની પૂજા કરવામાં આવે છે.

નિજ મંદિરમાં સૌપ્રથમ મૂર્તિ સ્વયંમ નરસિંહ મહેતાજીનું વાસ્તવિક સ્વરૂપ જે અંદાજે ૫૫૦ વર્ષ જૂની પ્રતિમાં રહેલી છે. જ્યારે દ્વિતીય પ્રતિમાં શામળશા શેઠ જેણે નરસિંહ મહેતાની હુંડી દ્વારકામાં સ્વિકારી હતી તેમની પ્રતિમાં છે. તૃતિય ઠાકોરજી બિરાજમાંન છે. અહિં દર્શનાર્થે આવતાં ભક્તો સવારે ૭.૩૦ થી ૧.૩૦ અને સાંજે ૩.૩૦ થી ૭.૩૦ દર્શનાર્થિઓ માટે ખૂલ્લું રહે છે.

અત્રે નોંધનીય છે કે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ એવા નરસિંહ મહેતાજીનું જીવન અત્યંત પવિત્ર, સાદગીપૂર્ણ તેમજ ભગવાન ઉપર અખૂટ શ્રધ્ધાનું જીવંત ઉદાહરણ છે. નરસિંહ મહેતાજીની પર વખત હુંડી ભગવાનો સ્વીકારી હતી અનો કુંવરબાઈનું મામેરૂ સહિતનાં કાર્યો કર્યા હતાં. ભગવાન સ્વયં પધાર્યા હતાં. તેવા નરસિંહ મહેતાજીની કરતાલ આજે પણ દામોદર કુંડ ખાતે સંભળાઈ રહી છે.







# જૂનાગઢનાં દોલતપરા લૂંટનાં આરોપીને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢનાં દોલતપરા જીઆઈડીસી-૨ જંગલ વિસ્તારમાં જુના ડેમની બાજુમાં રોકી ફરીયાદીને છરી વડે ઈજા કરી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી પાસેથી મોબાઈલ ફોન તથા રોકડ રૂા. ૧૦૦૦ની લૂંટ કરી નાસી જનાર જુમ્માભાઈ જુણેજા એક કિશોરને ગીરનાર બાયોમેડીકલ વેસ્ટ નામનાં કારખાના સામે આવેલ ઈશાન પ્લાસ્ટીકનાં ગેટ બહારથી એડીવીઝન પોલીસે ઝડપી લઈ રોકડ રૂા. ૧૦૦૦ તથા મોબાઈલ ફોન તથા છરી સાથે પકડી પાડેલ છે. આ કામગીરીમાં એ ડીવીઝનનાં પીઆઈ એમ.એમ. વાઢેરની સુચનાથી સરતાજ સાંધ, એમ.ડી. માડમ, એસ.આર. ગરચર, કલ્પેશભાઈ, વિક્રમભાઈ, રામભાઈ, અજયસિંહ, નરેન્દ્રભાઈ સહિતનાં જોડાયેલ હતાં.

# દોલતપરામાં પૈસા બાબતે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢના દોલતપરા ગોપાલનગર ખાતે રહેતા નિલેશભાઈ નારણભાઈ હુણ(ઉ.વ.૨૯)એ ઈસુબ ડાડાભાઈ, અલ્તાફ ડાડાભાઈ, ડાડાભાઈ રહે.ત્રણેય દોલતપરા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં-૧ પાસેથી પૈસા લીધેલ હોય જે પરત આપી દીધેલ હોય તેમ છતાં આરોપીઓ ફરિયાદીના વાડામાં આવી ફરિયાદી સુતા હતા ત્યારે આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુંનો માર મારી ફરિયાદીને ડાબી આંખે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદર તાલુકાના પીપલાણા નજીક અગાઉના મનદુ:ખ સબબ લોખંડના પાઈપ, કુહાડી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદરતા.૧૦

માણાવદર તાલુકાના પીપલાણા ગામે રહેતા હાર્દિકભાઈ વરજાંગભાઈ હેરભા આહિર(ઉ.વ.૨૪)એ નોધાભાઈ સીયાભાઈ, કમાભાઈ અમરાભાઈ ભારાઈ રહે.પીપલાણા તથા ત્રણ અજાણ્યા મોટરસાઈકલચાલક વિગેરે સામે પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીનો આરોપી સાથે અગાઉના મનદુ:ખના કારણે તેમજ ફરિયાદી સાહેદ રાહુલ ચના ભારાઈના મીત્ર હોય અને તેની સાથે ફરતો હોય અને આરોપીઓને આ રાહુલ સાથે અગાઉ ઝઘડો થયેલ હોય અને જેનું મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી જેમાં આરોપી નં-૧ તથા રનાઓએ તેમની ફોરવ્હીલ સ્કોર્પીયો ગાડી ફરિયાદીની અલ્ટો ગાડી સાથે ભટકાવી આરોપીઓએ લોખંડના પાઈપ તથા કુહાડી જેવા પ્રાણઘાતક હથિયારોથી ફરિયાદીને હાથપગ તથા શરીરે માર મારી ભુંડી ગાળો આપી તથા અજાણ્યા ત્રણ મોટરસાઈકલ ચાલક આરોપીઓએ ફરિયાદીની અલ્ટો કારમાં લોખંડના પાઈપથી તોડફોડ કરી નુકશાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદ : ટ્રેકટરનું પતરાનું લેવલ કરવાનું સાધન માથે પડતા ઈજા : ૫ વર્ષના બાળકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૦

મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના મુળ મોઈ દાગેલી ગામના અને હાલ બામણાસા ઘેડ ખાતે રહેતા મોહિત સકરીયાભાઈ મૈડા(ઉ.વ.૫) ખેતરમાં ટ્રેકરના પતરાના લેવલ કરવાના સાધન સાથે રમતો હતો તે દરમ્યાનપતરાના લેવલ કરવાનું આ સાધન તેની માથે પડતા છાતી દબાઈ જવાના કારણે પાંચ વર્ષના બાળકનું મૃત્યું થયું છે. કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢની ઈલેક્ટ્રોનિક એજન્સીમાં વીજ તંત્ર દ્વારા ચેકિંગ હાથ ધરાયું, મીટર ધીમુ ચાલતુ હોવાથી ઉતારી લેવાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૦

જૂનાગઢની બહાઉદ્દીન કોલેજ સામે આવેલ સાંકેત ઈન્ડિયા નામની ઈલેકટ્રીક આઈટમોની એજન્સીમાં પીજીવીસીએલની ટીમ ત્રાટકી હતી અને મિટર ચેકિંગ હાથ ધર્યું હતું. આ ચેકિંગમાં મિટર ૮૦થી ૮૫ ટકા જેટલું સ્લો ચાલતું હોવાનું જણાતા મિટર ઉતારી લેબોરેટરીમાં પરિક્ષણ માટે મોકલી દેવાયું છે. હવે તેનો રિપોર્ટર આવ્યા બાદ કાર્યવાહી હાથ ધરાશે. આ અંગે પીજીવીસીએલના સુપ્રિટેન્ડેન્ટ ઈજનેર બી.ડી. પરમારે જણાવ્યું હતું કે, સાંકેત ઈન્ડિયામાં લોડ કરતા કન્ઝપ્શન ઓછું આવતું હોવાની શંકા જતા પીજીવીસીએલની ટીમ દ્વારા મિટર ચેકીંગ હાથ ધરાયું હતું. આ ચેકિંગ દરમ્યાન મિટર ૮૦થી ૮૫ ટકા જેટલું સ્લો ચાલતું હોવાનું જણાયું હતું. બાદમાં આ મિટરને ઉતારી લઈ ચેકીંગ માટે લેબોરેટરીમાં મોકલી દેવાયું છે. હવે મિટર સ્લો છે કે સ્લો કરવામાં આવ્યું છે તે જાણી રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરાશે. દરમિયાન કેટલા સમયથી મિટર સ્લો ચાલતું હતું તેવા પ્રશ્નના જવાબમાં અધિકારીએ જણાવ્યું હતું કે, એમઆરઆઈ થયા બાદ તે અંગે જાણકારી મળશે. જ્યારે મિટર રિડરને ઓછા યુનિટ જણાય તો શંકા ન જાગે? તેવા સવાલના જવાબમાં જણાવાયુંહતું કે, મિટર રિડરનું કામ માત્ર મિટરના યુનિટના રિડીંગ લેવાનું હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સ્વામિનારાયણ મંદિરના મિટરમાં પણ વપરાયેલ યુનિટ લખવામાં ભૂલ રાખી દેવાઈ હતી અને બાદમાં ૧૩ લાખનું પૂરક બિલ અપાયું હતું. ત્યારે આ બનાવમાં શું થાય છે તે અંગે મીટ મંડાયેલી છે.

# ગિરનાર ઉપર ભારે પવન ફૂંકાતા રોપવે સેવા બંધ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

વાવાઝોડું ત્રાટકવાની આગહીઓ વચ્ચે સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે આ દરમ્યાન આજે વહેલી સવારે ભારે પવન ફુંકાતા વહેલી સવારથી જ રોપવે બંધ રાખવાની ફરજ પડી હતી. આ સાથે જ ગિરનાર ઉપર ભીની આંધી પણ આવી હતી. હવામાન અનુકુળ થયા બાદ રોપવે સેવા ચાલું થાય તે નિર્દેશો મળી રહ્યા છે.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાધો : મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૦

જોષીપરાના આદિત્યનગર નવરંગ સ્કુલ પાસે રહેતા રાજેશભાઈ ઉર્ફે કાળુભાઈ કનુભાઈ રાઠોડ(ઉ.વ.૪૦)એ કોઈ અગમ્ય કારણસર ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## માળીયા હાટીના પંથકમાં આર્થિક ભીસના કારણે ગળાફાંસો ખાધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૦

માળીયા હાટીના ખાતે રહેતા હરસુખનાથ વાસુનાથ નાથ(ઉ.વ.૩૨)ના બહેનને માનસીક બિમારીની દવા ચાલું હોય અને પોતાને કામધંધો બરાબર ચાલતો ન હોય અને ઘરની જવાબદારી પોતાની ઉપર હોય જેથી આર્થિક સંકડામણના કારણે તેઓએ પોતાની મેળે ગળાફાસો ખાઈ જીવનનો અંત આણેલ છે. આ બનાવ અંગે માળીયા હાટીના પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

